उन्नति

# વિચાર

વર્ષ ૧૧ અંક ૩ જુલાઈ – સપ્ટેમ્બર , ૨૦૦૬

અનુક્રમ

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- ગુજરાત ૨૦૦૨: પુનર્શાંતિ, જીવનનિર્વાહ અને શાતાલેપન 2

**મંતવ્ય**

- કોમી હિંસા (પ્રતિરોધ) ખરડો, ૨૦૦૫ 7

**આપણી વાત**

- ઊર્જા ઘર: શાંતિ અને એખલાસ કાયમ કરવાનો પ્રયોગ 11
- જનસુનાવણી દ્વારા સામાજિક અન્વેષણ 14

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** 20

**અમારા વિશે** 25

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### શાંતિ વિના વિકાસ?

વિકાસ માટે શાંતિ અને શાંતિ માટે ન્યાય એ પૂર્વશરત છે. સામાજિક, આર્થિક, કાયદાકીય અને રાજકીય ન્યાય. કોઈ પણ રાજ્ય પોતાના નાગરિકોના વિનાશ ઉપર વિકાસ ટકાવી ન શકે. ગુજરાતમાં થયેલ ૨૦૦૨ના જનસંહારને ટૂંક સમયમાં ૫ વર્ષ પૂરાં થશે, પરંતુ ભોગ બનેલાઓના ઘા રૂઝવવાનું નામોનિશાન નથી. ૨૦૦૨ની હિંસા કરતાં આજે સ્થિતિ સહેજ પણ ઓછી ગંભીર નથી. રોજેરોજ પોતાની ધાર્મિક ઓળખને કારણે તેઓ પદ્ધતિસરના ભેદભાવભર્યા વલણોનો શિકાર થઈ રહ્યા છે, અને હાંસિયા પર ધકેલાઈ રહ્યા છે.

અહિંસાના નામે કદાચ આપણે ત્યાં ભોગ બનનારને બોલવા દેવાયા જ નથી. પછી તે સ્ત્રીઓ હોય, દલિતો હોય, આદિવાસીઓ હોય કે હવે અલ્પસંખ્યકો હોય. 'બધું બરાબર છે' - 'ગુજરાત વાઈબ્રન્ટ છે' જેવા ભ્રમણા પેદા કરતા પ્રચારમાં આપણે ન્યાય ઝંખતા અવાજોને હિંસક રીતે કચડી નાખીએ છીએ. આપણે ત્યાં કોમી ધ્રુવીકરણ આઘાતજનક હદે સંપૂર્ણ થઈ ગયું છે. આ નિરાશાજનક વાતાવરણમાં પુનર્શાંતિની વાત આશ્ચર્ય પમાડે છે. પુનર્શાંતિ કોણ ઈચ્છે છે? પુનર્શાંતિની જરૂરિયાત કોને લાગે છે? ક્યાં છે પુનર્શાંતિના બીજા પક્ષકારો કે જે આ જનસંહારના રચયિતા છે? આ આખી પ્રક્રિયામાં રાજ્યની જવાબદારી શું છે? પુનર્શાંતિ અને શાંતિ સ્થાપનની પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ગુનો કરનારાઓની છે, ભોગ બનનારાઓની નહિ. આ મુદ્દે કામ કરનારા આપણે સહુએ આ પ્રક્રિયાને તેના વિશેષ સંદર્ભ સાથે આત્મસાત્ કરવાની જરૂર છે. સમાજમાં બદલાવ ન આવવાનું એક મોટું કારણ આપણી 'કરની' અને 'કથની'માં મોટું અંતર છે. આ અંતરને ઘટાડ્યા વિના (અંતર શૂન્ય થાય એ આદર્શ છે) સામાજિક બદલાવ શક્ય નથી.

કેટલાકના મતે હવે ૫ વર્ષ થવાં આવ્યાં, આગળ વધીએ. સાચું છે, દરેકને આગળ વધવાની તમન્ના હોય જ. પરંતુ જે માનવસર્જિત કાંડને કારણે લોકો ઓછામાં ઓછાં ૨૫ વર્ષ પાછળ ધકેલાયા છે, તેમને ન્યાય અપાવ્યા વિના? વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતના નાગરિક તરીકે તેમની ન્યાય મેળવવાની ઈચ્છા અસ્થાને તો ન જ ગણાય. સુપ્રિમ કોર્ટે આ દિશામાં એક કદમ આગળ વધીને ૨૦૦૦ કેસો જે ગુજરાત પોલિસે માળિયે ચડાવી દીધા હતા તે પુનઃ ખોલવાનો આદેશ આપ્યો, અને એક સૂર સંભળાયો. 'આ પ્રક્રિયા સમાજમાં પાછી અશાંતિ ઊભી કરશે!' ન્યાય મેળવવાની વાત કરતાં અશાંતિ સર્જાય? કેટલી આઘાતજનક આ દલીલ છે કે જ્યારે વ્યક્તિ પાસે 'ચૂપ' રહેવા સિવાય કોઈ વિકલ્પ જ ન હોય, સમર્પણ કરી દેવા સિવાય શ્વાસ લઈ શકાય તેમ ન હોય અને તે ચૂપ રહે તેને આપણે શાંતિ કહેતા થઈ ગયા. ન્યાય વિના કઈ શાંતિની આપણે વાત કરીએ છીએ!

કદાચ શાંતિ એટલે ન્યાય મેળવવાનો હક, ન્યાય મેળવવાની ઈચ્છા છોડી દઈ, કોઈ માફી ન માંગે તો પણ સામેથી માફીની વાત આગળ ધરવી, અને આતંક કરનારાઓની શરતો સામે ઘૂંટણીએ પડીને હસતા

**જુઓ પૃષ્ઠ ૨૮**

# ગુજરાત ૨૦૦૨: પુનર્શાંતિ, જીવનનિર્વાહ અને શાતાલેપન

ઓક્સફામ દ્વારા તા.૧૭, ૧૮ જુલાઈ, ૨૦૦૬ દરમ્યાન **'ગુજરાત ૨૦૦૨: પુનર્શાંતિ, જીવનનિર્વાહ અને શાંતાલેપન'** વિષય વિશે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં ૨૦૦૨માં થયેલી હિંસક ઘટનાઓ બાદ **ઓક્સફામ (ઈન્ડિયા) ટ્રસ્ટ** અનેક સંગઠનોમાંનું એક એવું સંગઠન હતું કે જેણે રાહત અને પુનર્વસનનું કાર્ય કર્યું હતું. પછી તેણે શાંતિ નિર્માણના કાર્યમાં કેટલાંક સ્થાનિક જૂથો અને સહભાગી સંગઠનો દ્વારા ઝંપલાવ્યું. અશાંતિના અસરગ્રસ્તો અને અશાંતિ ઊભી કરનારાં તત્ત્વો વચ્ચે પુનર્શાંતિ ઊભી થાય અને અસરગ્રસ્તો માટે શાતાલેપન થાય એ એક અત્યંત મહત્ત્વનો અને જટિલ પ્રશ્ન આજે પણ બની રહ્યો છે. રાજ્ય સરકારે સતત એવો દાવો કર્યો કે અસરગ્રસ્તોનું પુનર્વસન પૂરેપૂરું થઈ ચૂક્યું છે. જો કે, ઓક્સફામનાં પ્રાથમિક તારણો એમ કહે છે કે દાવો ખોટો છે. વાસ્તવમાં, અસરગ્રસ્તોનું સામાજિક-આર્થિક પુનર્વસન ત્યારે મહત્ત્વનું બન્યું છે કે જ્યારે એવી એક લાગણી પ્રવર્તે છે કે ગુજરાતમાં બધું બરાબર ચાલે છે. આ સંદર્ભમાં તેના દ્વારા એક કાર્યશાળાનું આયોજન કરાયું હતું. આ કાર્યશાળામાં જે અગત્યના મુદ્દાઓ ઉપસ્થિત થયા તેની નોંધ અત્રે આપવામાં આવી છે.

## પુનર્શાંતિ અને ન્યાયઃ પડકારો અને સમસ્યાઓ

પ્રથમ દિવસે યોજાયેલી ચર્ચામાં અધ્યક્ષસ્થાને શ્રી ઘનશ્યામ શાહ હતા. વક્તાઓ તરીકે હર્ષ મંદર, રામ પુનિયાની, પ્રસાદ ચાકો, શિવ વિશ્વનાથન અને સોફિયા ખાન હતાં. તેમણે સૌએ રજૂ કરેલાં મંતવ્યો નીચે મુજબ છેઃ

### પ્રો. ઘનશ્યામ શાહ

આપણા સૌના સહિયારા પ્રયાસો આપણી અપેક્ષાઓ મુજબના નથી જ. જો કે, આપણે નિરાશાની ગર્તામાં પણ ધકેલાઈ ગયા નથી. આપણે હવે પડકારોનો સામનો કરી રહ્યા છીએ. આપણે જ્યારે પુનર્શાંતિની વાત કરીએ છીએ ત્યારે તેનો અર્થ એ છે કે અસરગ્રસ્તો ૨૦૦૨ અગાઉની પરિસ્થિતિમાં પાછા આવે. પરંતુ જેઓ સ્થાનિક સ્તરે કામ કરી રહ્યા છે તેઓ વધુ સારી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે નવી વ્યૂહરચનાઓ ઘડવા ઈચ્છે છે. કેટલાંક સ્થળોએ ૨૦૦૨ અગાઉની પરિસ્થિતિનું નિર્માણ થયું છે ખરું અને તે પણ રાજ્યની દરમ્યાનગીરી વિના. અનેક ગામોમાં જો કે, હજુ પણ અસરગ્રસ્તો તેમનાં ગામોમાં પરત જવાનો ઈન્કાર કરે છે. એ બંનેમાંથી આપણે પદાર્થપાઠ શીખવાનો છે અને પછી તેને આધારે વ્યૂહરચના ઘડવાની છે.

### શ્રી હર્ષ મન્દર

પુનર્શાંતિ એ અનિવાર્યતય સમાનતાવાદી છે. તેઓ કોઈના હકો આપની ઊભી થકે નહિ, કોઈનું ગૌરવ અને આકાંક્ષાઓ શરણે મૂકીને ઊભી ના થઈ શકે. ન્યાય અને પશ્ચાત્તાપ બંને પુનર્શાંતિની મજબૂત અને કાયમી પ્રક્રિયા માટે જરૂરી બાબતો છે. પુનર્શાંતિ એવી સ્થિતિમાં પાછા વળવા માગીએ છીએ કે જેમાં રાજ્યમાં આપણને વિશ્વાસ હોય, આપણે શ્રદ્ધા અને પ્રેમથી જીવી શકીએ.

ગુજરાતમાં બે સમુદાયો વચ્ચે ૨૦૦૨થી ઘણા સમય અગાઉ તિરાડો ઊભી થઈ હતી. ભારતમાં અસમાનતાઓથી ભરપૂર સમાજ છે અને આપણને તેની શરમ આવવી જોઈએ. આપણે વિવિધ સમુદાયોનું કુદરત સહ-અસ્તિત્વ અને સામાજિક પુનર્શાંતિનું નિર્માણ ઈચ્છીએ છીએ. આ માટે ચાર બાબતો મહત્ત્વની છેઃ

(૧) ભયાનક હત્યાકાંડ થયો છે એ સૌ પ્રથમ સ્વીકારવું.
(૨) એવે વિશે પશ્ચાત્તાપ કરવો.
(૩) કોઈ પણ રીતે વળતર તો આપી જ ના શકાય પણ આપણે આર્થિક રીતે વળતર ચૂકવવું જોઈએ અને તેમની સુરક્ષા જોવી જોઈએ.
(૪) ફોજદારી ન્યાયની પદ્ધતિની તેની પોતાની નબળાઈઓ છે. જો કે, દરેકને રક્ષણ મળવું જોઈએ અને દરેકને રક્ષણ મેળવવાનો અધિકાર છે, કારણ કે ન્યાયતંત્રની આંખોમાં આપણે સૌ એક જ નાગરિકત્વ ધરાવીએ છીએ.

આ સંદર્ભમાં નીચેના મુદ્દાઓ તરફ નજર ફેંકીએઃ

(૧) અર્ધા કરતાં વધારે અસરગ્રસ્તો ઘણી દયનીય સ્થિતિમાં જીવે છે અને જેઓ સ્વગૃહે પરત આવ્યા છે તેઓ આર્થિક અને સામાજિક બહિષ્કારનો ભોગ બન્યા છે.
(૨) સમાધાનને નામે ન્યાયતંત્ર પણ અસરગ્રસ્તોને અદાલતની બહાર સમાધાન કરવા માટે પ્રેરે છે.
(૩) દક્ષિણ આફ્રિકામાં અને અહીંની પુનર્શાંતિમાં ફેર છે. તેઓ એ કરી શક્યા કારણ કે તેઓ રાજકીય રીતે જીત્યા હતા.

અહીં આ પ્રશ્નો ઊભા થાય છેઃ

(૧) શું ન્યાય વિના પુનર્શાંતિ હોઈ શકે?

(૨) કાનૂની ન્યાય મૂળભૂત રીતે યોગ્ય બદલો છે કે પછી તે સમાન નાગરિક અધિકારનું પાલન છે?

(૩) હું ત્યારે જ કોઈને માફ કરી શકું કે જ્યારે મને માફી ન આપવાનો પણ અધિકાર હોય. શું તે સમાનતાની બાબત નથી?

**શ્રી રામ પુનિયાની**

**સામાજિક આંદોલનોઃ ભાવિ કાર્યો**

(૧) ગોધરા અને ગુજરાતની ઘટનાઓ પછી ચૂંટણીઓ હારની ઘટનાઓ ભાજપ માટે બદલાઈ ગઈ. લોકોના દિમાગી ખયાલો અને ચૂંટણીમાં જનમાનસની ચેતનાની ભૂમિકા આપણે સૌ જોઈ શકીએ છીએ. ઈતિહાસ અને અન્ય સમુદાયના સ્વભાવ વગેરે જેવી બાબતો વિશે જે જૂઠાણાંનો પ્રચાર કરવામાં આવે છે તેણે સામાજિક વિચારધારા પર પકડ જમીવી દીધી. ગુજરાત એ બાબતનું નિર્દેશન કરે છે કે હિંસાની દરેક નવી ઘટના આ સામાજિક ચેતનાને સઘન બનાવે છે અને એમ કહી શકાય કે આ રીતે ઊભી કરાયેલી જનચેતના એક એવો પાયો ઊભો કરે છે કે જેના આધારે કોમવાદી રાજકારણ ચાલે છે. એ અર્થમાં, હિંદુત્વે સમાજના વિશાળ વર્ગના જનમાનસ ઉપર વર્ચસ્વ જમાવ્યું છે. એખલાસમાં વિક્ષેપ પાડવો અને હિંસાની દરેક નવી ઘટનાને પવિત્ર બનાવવી, તેનાથી કોમવાદી બળોનો એવો આત્મવિશ્વાસ ઊભો થાય છે કે ચૂંટણીના મુદ્દા તરીકે તેઓ આ વાતને ચગવી શકશે.

(૨) તે સમાજમાં વ્યાપી રહેલા કોમવાદની પાછળ છુપાય છે. સંઘ પરિવારમાં મોં, માધ્યમો અને સામાજિક દરમ્યાનગીરીથી એ બને છે. લઘુમતી-વિરોધી લાગણીઓ આતંકવાદીઓના દરેકેદરેક કૃત્યથી મજબૂત બનતી જાય છે. સામાજિક અને રાજકીય સંસ્થાઓનું ધોવાણ ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે.

(૩) માનવ અધિકારો માટેનું સામાજિક આંદોલન હિંદુત્વના આક્રમણ વિશે ગંભીર રીતે ચિંતિત છે પરંતુ લોકતાંત્રિક બહુવાદી મંચ ઊભો કરવા માટેની સાનુકૂળ વૈકલ્પિક ભૂમિકા તે ઊભી કરી શકતું નથી.

(૪) ગુજરાત ફરી એક વાર એમ બતાવે છે કે હિંદુ જમણેરીઓએ રામ મંદિર અને કોમી હિંસા જેવા સંવેદનશીલ મુદ્દાઓને સત્તા પ્રાપ્ત કરવા માટેના પાયાના મુદ્દા તરીકે વિકસાવવાનું શીખી લીધું છે. પરિણામે, હિંદુત્વવાદી આંદોલનની ગુજરાત પછીની વ્યૂહરચના આક્રમક રીતે મોદીત્વનો આશરો લેવાની છે. તે હિંદુત્વનું જંગલી સ્વરૂપ છે. સમાજના નબળા વર્ગો પ્રત્યેનો તિરસ્કાર વધારવામાં આવ્યો છે.

(૫) હવે હિંદુત્વ એક સંપૂર્ણ યંત્ર તરીકે કામ કરે છે. આરએસએસના સ્તરે વૈચારિક ઘડતર થાય છે અને ભાજપનાં મહોરાં ખુશીથી ચૂંટણીના યોદ્ધાઓ બને છે. વિશ્વ હિંદુ પરિષદે તિરસ્કારથી ભરપૂર પ્રવચનોમાં વિશેષીકરણ સાધ્યું છે જ્યારે શેરીઓમાં હિંસા એ બજરંગ દળનો વિશેષાધિકાર છે. સમાજના વંચિત વર્ગો, બેકાર યુવાનો, છૂટા કરાયેલા કામદારો અને દલિતો તથા આદિવાસીઓમાં આ ચેતના ફેલાવવા આ તંત્ર ગોઠવાયું છે. સંઘ પરિવાર દ્વારા ઓળખનું રાજકારણ ઊભું કરાયું અને તેથી અધિકારો અને લોકતાંત્રિક મૂલ્યોનું રાજકારણ પશ્ચાદ્‌ભૂમાં ધકેલાઈ ગયું.

(૬) સુસ્થાપિત પક્ષો જવાબો શોધી રહ્યા છે. ભાજપે જે જોડાણોનું રાજકારણ શરૂ કર્યું તેમાં ઘણા પક્ષો વશ થઈ ગયા. સૌથી દુઃખદ દાખલો એક તરફ જ્યોર્જ ફર્નાન્ડિઝનો છે તો બીજી તરફ માયાવતીનો છે. જેઓ લોકશાહી અને ભારતનું બંધારણ બચાવવા માગે છે તેમણે અત્યારે જ શરૂ કરવાની જરૂર છે, આપણે દાયકાઓ મોડા છીએ.

(૭) લોકશાહી મંચ ઊભો કરવાનું કામ અનેક સ્તરે થાય. સામાજિક આંદોલનોના કર્મશીલો એ આગામી લડાઈનો પાયો છે.

(ક) સામાજિક આંદોલનની આકાંક્ષાઓ કાર્યક્રમોમાં સમાઈ ગઈ છે. પ્રગતિશીલ બળો છૂટાંછવાયાં છે. વિવિધ જૂથો વંચિતોના પ્રશ્નોના પ્રત્યે એક થાય એ જરૂરી છે.

(ખ) જેમના પ્રત્યે તત્કાળ ધ્યાન આપવાની જરૂર છે એ પાયાની સમસ્યાઓ આર્થિક અધિકારો, સામાજિક સમાનતા અને સ્ત્રી-પુરુષ તફાવતોનું નિવારણ છે. જે મુદ્દાઓ હાથ ધરવા જોઈએ તેમાં દલિત-વિરોધી, મહિલા-વિરોધી અને લઘુમતી-વિરોધી અત્યાચારોથી માંડીને રોજગારીના અધિકાર સુધીના પ્રશ્નોનો સમાવેશ થાય છે. બીજી એક લડત નાગરિક અને લોકશાહી સ્વાતંત્ર્ય માટેની છે.

(ગ) આમાંના મોટા ભાગના વર્ગો માટેની વૈકલ્પિક યોજનામાં રોજગારી, સુરક્ષા, શિક્ષણ, રોજગારી વગેરેનો સમાવેશ થાય છે. સમાજના નબળા વર્ગોનો સામુદાયિક અને સામાજિક જીવન સાથે તેને સાંકળવાની જરૂર છે.

(ઘ) સામાજિક ચેતનાના સ્તરે હિંદુત્વના વર્ચસ્વને પડકાર ફેંકવાને બિન-સાંપ્રદાયિક મૂલ્યો અને શિક્ષણને પ્રોત્સાહન આપવાના પ્રયાસો સાથે સાંકળવાની જરૂર છે.

(૮) ગુજરાતની ઘટનાઓનું એક વિધાયક પરિણામ એ આવ્યું છે કે એક એવો મંચ ઊભો થયો છે કે જે આ પ્રશ્નો પર કામ કરે છે. આ જૂથો દ્વારા જે પ્રશંસનીય કામ થઈ રહ્યું છે તેને મજબૂત બનાવવાની અને તેમાં સંકલન સાધવાની જરૂર છે.

## ધર્મ નિરપેક્ષતાનાં મૂલ્યો સાથે સંબંધિત શિક્ષણની જરૂર

(૧) ગુજરાતની ઘટનાએ સમાજનું જે કોમવાદીકરણ થયું છે તે આપણી સમક્ષ છતું કર્યું. આ પ્રક્રિયા લોકમાનસને ઘડવાથી શરૂ થાય છે અને પછી અન્યો પ્રત્યેના તિરસ્કારમાં બદલાય છે અને તે વિવિધ કોમવાદી કાર્યોનો આધાર બને છે. એનું દેખીતું ઉદાહરણ કોમવાદી હિંસા છે. સરકારની કોમવાદી નીતિઓને પણ તે શાંત માન્યતા આપે છે.

(૨) છેલ્લા આઠ દાયકાથી આરએસએસ જનમાનસને એ રીતે ઘડવાનું કામ કરે છે. તેની શાખાઓ અને બૌદ્ધિકો એ તેનું ધરાતલીય સ્વરૂપ છે. તે જ સમાજમાં વ્યાપક સ્તરે ઝેર ફેલાવે છે. આ પ્રક્રિયાને આ રીતે મદદ મળે છે:

(ક) શાળાનાં પુસ્તકોમાં કોમવાદી વળાંક, ભાજપ સત્તા પર આવે છે ત્યારે તે અપાય છે.

(ખ) માધ્યમોની તેમાં મજબૂત ભૂમિકા છે. ખાસ કરીને પ્રાદેશિક ભાષાઓનાં માધ્યમો તેમાં એ ભૂમિકા ભજવે છે. 'સામના' અને 'ગુજરાત સમાચાર' એનાં સૌથી ખરાબ ઉદાહરણો છે.

(ગ) કોમવાદી વિચારધારાથી મોટા ભાગનો સાંસ્કૃતિક અવકાશ ઘેરાઈ જાય છે.

(૩) આ વિપરીત પરિબળો વચ્ચે આપણે કામ કરવાનું છે. લઘુમતીઓ વિશની કલ્પનાઓ અને ધારણાઓ કોમવાદી માનસનો પાયો બને છે.

(૪) બહુ નાની ઉંમરે આ વિચારોનાં બી વવાય છે અને પછી તે મજબૂત થતાં જાય છે.

(૫) શિક્ષણના કામમાં એ બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે માત્ર ચર્ચાઓથી સામાજિક ચેતના બદલાતી નથી.

(ક) સામાજિક શિક્ષણની પ્રક્રિયા એ એક બહુપાંખિયો પ્રયાસ છે. માધ્યમોમાં દરમ્યાનગીરી સામાજિક કાર્યક્રમો અને સીધી વાતચીત વગેરે જેવી બાબતો હાથ ધરાવી જોઈએ.

(ખ) સામાજિક અને આર્થિક ન્યાય તથા સ્ત્રી-પુરુષ ભેદભાવ સામે ન્યાયનાં સામાજિક આંદોલનોમાં આ પ્રયાસોનો આધાર હોય.

(૬) નિમ્ન જૂથોનો સંપર્ક થાય:

(ક) આંદોલનોમાં જોડાયેલા કર્મશીલો.

(ખ) માધ્યમોના પત્રકારો.

(ગ) વિદ્યાર્થીઓ.

(ઘ) શિક્ષકો.

(ચ) કાર્યકરો, દલિતો, આદિવાસીઓ અને મહિલાઓનાં જૂથો અને તેમનાં મંડળો.

(છ) સમાજના ઉદારમતવાદી વર્ગો.

(૭) કેટલાંક જૂથો સાંસ્કૃતિક અને માધ્યમોમાં દરમ્યાનગીરી વિશે કામ કરી શકે. શેરી નાટકોનાં જૂથો, ગીતો ગાનારાં જૂથો સ્થાનિક સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ વગેરેનો સમાવેશ તેમાં થાય. ફિલ્મ પ્રદર્શનથી પણ મોટી અસર ઊભી થાય.

(૮) ચર્ચાઓ, વ્યાખ્યાનો, કાર્યશાળાઓ. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મશીલો માટે તે યોજાય. રાજકીય કાર્યકરો સાથે તેમની વસ્તીમાં જ વાતચીત થાય. વિદ્યાર્થીઓ સાથે એન.એસ. એસ. દ્વારા અને શિક્ષકો સાથે તેમનાં મંડળો દ્વારા વાતચીત થાય.

(૯) આ મુદ્દાઓ આવરી લેવાય: મધ્ય યુગીની ઈતિહાસ વિશેની ધારણાઓ, મંદિરોનું બાંધકામ, ફરજિયાત ધર્માંતરણ, રાજાઓનાં જોડાણો, સમન્વયાત્મક પરંપરાઓ, સંતો અને સૂફીઓ, સંસ્કૃતિ અને ધર્મ:

(ક) ધર્મ અને માનવ સમાજ, ધર્મોનાં પાસાં, ધર્મોનાં પ્રકારો: આદિવાસી, પ્રાદેશિક ધર્મો, પયગંબર-આધારિત ધર્મો. ઈશ્વરના ખ્યાલનો ઉદ્ભવ, ભારતમાં ધાર્મિક સમુદાયો.

(ખ) દેશના ભાગલાની દુર્ઘટના અને કાશ્મીરની સમસ્યા.

(ગ) કોમી, હિંસા અને સ્વાતંત્ર્યોત્તર રાજકારણ, ૧૯૮૦નો દાયકો, મીનાક્ષીપુરમ્, શાહબાનુ, સમાન નાગરિક ધારો.

(ઘ) મુસ્લિમોને ચાર પત્નીઓ અને ૨૦ બાળકો, પાકિસ્તાન પ્રત્યે વફાદારી, રૂઢિચુસ્તતા વગેરે.

(ચ) આતંકવાદ, સામ્રાજ્યવાદ અને ઈલ્સામ.

(છ) આરએસએસનો ઉદ્ભવ અને તેનાં અનેક મોઢાં અને તેમની કાર્યસૂચિ.

(જ) ધર્મનિરપેક્ષ સમાજ માટેની લડાઈ.

(૧૦) ચર્ચાઓને આ બાબતથી ટેકો મળવો જોઈએ:

(ક) પરિયોજનાઓ: લઘુમતી સમુદાય સાથે મિલન, ગુના, કોમવાદી હિંસા, રમખાણોની તપાસ, મહોલ્લા.

(ખ) પુસ્તકો, કેસેટ અને સંદર્ભ સાહિત્યની આપ-લે.

(ગ) ઉપરોક્ત સામગ્રીઓ સાથેનું ગ્રંથાલય.

(ઘ) વિવિધ પ્રવૃત્તિઓ માટે જૂથોની રચના. સમુદાયમાં નવતર પ્રવૃત્તિઓ.

### શ્રી પ્રસાદ ચાકો

આશાનું કોઈ કિરણ દેખાતું નથી પરંતુ આપણે બંધારણને જીવંત રાખવા માટે લડત આપવી જ જોઈએ. શું આજના સંદર્ભમાં પુનર્શાંતિ શક્ય છે? હિંદુત્વનાં પરિબળો તેમના પોતાના આંતરિક વિરોધાભાસને લીધે જ તૂટી પડશે. પુનર્શાંતિના સંદર્ભમાં જો આપણે પરિણામો જોઈતાં હશે તો સામાજિક અને આર્થિક પ્રશ્નો વિશે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

ગુજરાતમાં ન્યાયમાં વિલંબ થાય છે અને તેથી ન્યાનો ઈન્કાર થાય છે. છેલ્લાં ચાર વર્ષમાં આપણે હારી ગયા હોઈએ એમ લાગે છે. એમાંથી જ નિરાશા ઊભી થઈ છે. અસરગ્રસ્તો માટે કાનૂની ન્યાય હજુ પણ દૂરની વાચ છે. તેઓ ક્યારે ન્યાય મેળવશે તેની તેમને પણ ખબર નથી. સમાનતા વિના સત્ય અને પુનર્શાંતિ શક્ય નથી. અમદાવાદમાં સમુદાયોનું વિભાજન સંપૂર્ણપણે થઈ ચૂક્યું છે. હિંદુત્વનાં પરિબળોએ છેલ્લાં ૨૫ વર્ષના ગાળા દરમ્યાન કરેલી મહેનતનું આ પરિણામ છે. આ પરિબળોએ ગુજરાતને તક આપી છે. ગાંધીના આ ગુજરાતનું શરીર વિરોધાભાસોથી ભરપૂર છે. અહિંસાનો અર્થ એ થાય છે કે કોઈ વિરોધ જ ના કરે. પશ્ચાત્તાપ કેમ નથી એવો પ્રશ્ન આપણે કદી પૂછ્યો છે ખરો? લોકોને જે વળતર અપાયું છે એ અપમાનજનક છે. રાહત શિબિરોમાં વાતાવરણ અને ખોરાકની ગુણવત્તા અસહ્ય હતાં. પછી કેવી રીતે ફરીથી શાંતિનું નિર્માણ થઈ શકે? દલિતો અને આદિવાસીઓનો ઉપયોગ હિંદુત્વનાં પરિબળોએ કર્યો છે કે જ્યારે તેઓ તો સમાજમાં સૌથી નીચલા સ્તરે છે. તેમણે જે હિંસા ઊભી કરી તે મૂળ પ્રશ્નોથી ચાતરવા માટે કરી.

**પ્રો. શિવ વિશ્વનાથન**

આ તો એક હિંદી ફિલ્મ જેવું છેઃ 'પુનર્શાંતિઃ અતિશય સંવેદનશીલ' પુનર્શાંતિ માટેની યોગ્ય ભાષા આપણી પાસે નથી. તેને માટે અલગ ભાષાની જરૂર છે અને તેને માટે નાટ્યાત્મક ક્વાયતની જરૂર છે. જ્યારે પણ આપણે સમાધાનની વાત કરીએ છીએ ત્યારે આપણે દક્ષિણ આફ્રિકાની વાત કરીએ છીએ પણ બંનેની પરિસ્થિતિ તદ્દન જુદી જ છે. આપણે રમખાણોને યુદ્ધમાં ફેરવી નાખ્યાં છે. અને ન્યાયી યુદ્ધ સમજીએ છીએ અને એમ માનીએ છીએ કે અસરગ્રસ્તને આપણે ખતમ કરી નાખી શકીશું. હિંદુત્વનાં પરિબળો કરતાં વિકાસનું મોડેલ વધારે ખતરનાક છે. લોકશાહી સમાજ, વપરાશવાદી સમાજ અને સૂતેલા સમાજમાં પુનર્શાંતિની વાત કરવી એ સંવેદનશીલ બાબત છે. તેના નકારાત્મક અને હકારાત્મક બંને પાસાં પર આપણે ધ્યાન આપવું પડશે.

**સુશ્રી સોફિયા ખાન**

કોને આજે પુનર્શાંતિ જોઈએ છે? અસરગ્રસ્તોને, સહાનુભૂતિ રાખનારા લોકોને, રાજ્યને કે ધનનિરપેક્ષ પરિબળોને? ૨૦૦૨નાં રમખાણો એ માનવજાત સામેનો ગુનો હતો. રાજ્ય નિષ્ફળ ગયું છે. શું આપણે ખરેખર અસરગ્રસ્તોને ૨૦૦૨ અગાઉની સ્થિતિમાં લાવી શકીશું? કોઈમ્બતુરમાં જેમ રાજ્યને આપણે જવાબદાર બનાવી શક્યા છીએ એમ આપણે ગુજરાતમાં કરી શક્યા નથી. વળતરને નામે મુસ્લિમોને ખૂબ જ ખરાબ આવાસો મળ્યા છે. અને તે પણ ધાર્મિક જૂથો અને મુલ્લાઓ દ્વારા મળ્યા છે. મુસ્લિમો માટે જીવનનિર્વાહ એટલે લારી અને પાનની દુકાન. ગુજરાત સરકારે કેન્દ્ર તરફથી મળેલા રૂ. ૧૫૦ કરોડમાંથી રૂ. ૧૯ કરોડ પરત આપ્યા છે અને કહ્યું છે કે પુનર્વસન પૂર્ણ થઈ ગયું છે. આજે પણ મુસ્લિમ છીએ એમ કહેવું ખતરનાક છે. રાજ્ય સરકારના તમામ વિભાગો મુસ્લિમોનો બહિષ્કાર કરે છે એ એક હકીકત છે. ૨૦ ટકા મુસ્લિમોએ તેમનો જીવનનિર્વાહ બદલી નાખ્યો છે. વેશ્યાગીરી વધી ગઈ છે. તેઓ મદ્રેસાને આધુનિક બનાવવા તૈયાર છે પણ મુખ્ય પ્રવાહના શિક્ષણમાં તેમને કેવી રીતે લાવવા?

ઉપરોક્ત રજૂઆતો પછી પ્રશ્નોત્તરી થઈ હતી. તેમાં નીચે મુજબનાં કેટલાંક મહત્ત્વનાં મંતવ્યો વ્યક્ત થયાં હતાંઃ

(૧) શાતાલેપન અને પુનર્શાંતિનું નિર્માણ એ એક આદર્શવાદી બાબત છે. આપણે તો જીવનનિર્વાહ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
(૨) બહુમતી સમુદાયના જે લોકોએ અસરગ્રસ્તોને મદદ કરી હોય એવા કિસ્સા પ્રકાશમાં લાવવા જોઈએ.
(૩) આપણે રાજકીય લડાઈ લડવાની છે. કહેવાતો નાગરિક સમાજ આજે અસ્તિત્વ ધરાવતો નથી. અર્થપૂર્ણ સંવાદનું વાતાવરણ આજે છે જ નહિ.
(૪) કોમવાદી પરિબળો કોઈ પણ રીતે લઘુમતી સમુદાયને છેવાડે ફેંકી દેવા માગે છે તેથી આપણો કોઈ પણ પ્રયાસ નિરર્થક બની જાય છે.
(૫) જ્યારે અન્ય આપત્તિઓ આવે છે ત્યારે અખબારો દાન માટે મોટી મોટી જાહેરખબરો છાપે છે. રમખાણોના અસરગ્રસ્તો માટે આવી કોઈ જાહેરખબરો ના આવી.
(૬) હિંદુત્વનાં પરિબળોનો પ્રયોગ પૂરો થઈ ગયો નથી. એટલે આપણે રોજેરોજ લડવું પડશે.

આ બેઠક પછી નીચેનાં બે જૂથોમાં ચર્ચા થઈ.

## કાયદો, ન્યાય અને રાજ્યના પ્રશ્નો

આ વિષય વિશેના પ્રથમ જૂથના અધ્યક્ષ ફાધર સેડ્રિક પ્રકાશ હતા અને તેમાં સોફિયા ખાન, ઉસ્માનભાઈ, સનિતા અને પ્રસાદ ચાકોએ રજૂઆત કરી હતી. તેમાં જે મહત્ત્વના મુદ્દાઓ ઉપસ્થિત થયા તે આ મુજબ છેઃ

(૧) તમામ રાજકીય પક્ષોને માત્ર મતની જ ચિંતા છે.
(૨) ન્યાયના વાતાવરણ વિના પુનર્શાંતિ હોઈ શકે નહિ.
(૩) મોટા ભાગના મુસ્લિમ છોકરાઓની પોલિસ તપાસ રાબેતા મુજબ થાય છે.
(૪) ન્યાયતંત્ર પણ લઘુમતીઓ વિશે પૂર્વગ્રહ રાખે છે.
(૫) પોટા હેઠળના તમામ ૨૧૪ લોકો મુસ્લિમ છે.

## કાર્યશાળાને અંતે રજૂ થયેલાં સૂચનો

- સમસ્યાના ઊંડાણ સુધી પહોંચવું અને સમાન મંચ પર લડાઈને મજબૂત બનાવવી.
- આપણે સર્વમાન્ય રાષ્ટ્રીય ઝુંબેશ ગુજરાતથી શરૂ કરવી.
- આંતરિક મતભેદ ભૂલવા અને લોકશાહી માટે લડવું.
- જાગૃતિ ઝુંબેશની સઘનતા વધારવી.
- નિષ્પક્ષ વકીલોનું જૂથ તૈયાર કરવું કે જે ટેકો આપે.
- રાજકીય દરમ્યાનગીરી માટે એક મંચ તૈયાર કરવો.
- આંતરરાષ્ટ્રીય સ્તરે હિમાયતનો સમય પાકી ગયો છે.
- માલિકીના અધિકારો પર નવેસરથી વિચારવાની જરૂર છે.
- આપત્તિગ્રસ્ત લોકો માટે પેકેજ ઘડવાની જરૂર છે. એને માટે હિમાયત શરૂ કરવી જોઈએ.
- સૌએ સાથે મળીને પેકેજ માટેની નીતિ ઘડવી જોઈએ.
- નાગરિકત્વ અને તમામ નાગરિકોના અધિકારોના વ્યાપક પ્રશ્નો વિશે પણ વિચારવું જોઈએ.
- પુનર્વસન એક રાજકીય પ્રશ્ન છે અને એ સંદર્ભમાં જ તેને સમજવાં જોઈએ.
- પુનર્વસનના કાર્યક્રમમાં અન્ય સમુદાયોને પણ સામેલ કરવા જોઈએ.

(૬) સમૃદ્ધ મુસ્લિમો કેસ લડવા માગતા નથી.
(૭) મોટા ભાગના મુસ્લિમોને બીપીએલ કાર્ડ અપાતાં નથી અને એપીએલ કાર્ડ સ્વીકારવાની ફરજ પડાય છે.
(૮) ફૈઝલ પાર્કનાં ૪૫ પરિવારોનું પુનર્વસન થયું પણ તેઓ પાછા નરોડા પાટિયા જતા રહ્યા કારણ કે તેમને કોઈ સવલતો અપાઈ નહોતી અને તેઓ અમાનવીય સ્થિતિમાં જીવતા હતા.

## સામાજિક પુનર્શાંતિના પ્રશ્નો

આ બીજા જૂથની ચર્ચામાં અધ્યક્ષસ્થાને હર્ષ મંદર હતા. તેમાં ન્યાયગૃહ અને ઉત્થાન દ્વારા મંજરી સેવક, સારા અહેમદ, હિરેન ગાંધી અને સરૂપ ધ્રુવ દ્વારા રજૂઆતો થઈ હતી. ચર્ચા દરમ્યાન જે મુદ્દાઓ ઉપસ્થિત થયા તે નીચે મુજબ છે:

(૧) આઘાત ઉપર શાતાલેખન. વ્યક્તિહત અને સામાજિક રીતે શાતાલેખનની જરૂર છે.
(૨) ભૂતકાળનો અન્યાય દૂર કરવો. કાનૂન-આધારિત રાજ્ય વ્યવસ્થા ઊભી કરવી.
(૩) પુનર્રચનાત્મક ન્યાય. સમુદાય મહત્ત્વની ભૂમિકા ભજવે અસરગ્રસ્તો ન્યાયનું સ્વરૂપ નક્કી કરે.
(૪) જીવન નિર્વાહના પ્રશ્નોને અલગ રીતે નહિ પણ સમગ્રતાની દૃષ્ટિથી જોવા જોઈએ.
(૫) રમખાણો પછી રાહત શિબિરોમાંથી જેઓ ઘેર પરત ફર્યા તેમને તેમનાં ઘરોમાં કંઈ ના મળ્યું. તેઓ કંગાળ થઈ ગયા.
(૬) અસરગ્રસ્તો સ્વમાનપૂર્વક જીવે તે જરૂરી છે.
(૭) બિન-સરકારી સંગઠનોએ એકઠા થવું જોઈએ અને ફાસીવાદ સામે સમગ્રપણે લડવું જોઈએ. આપણે હિંદુત્વનાં પરિબળોનો ધાર્મિક પ્રચાર રોક્તા નથી, કેટલાંક બિન-સરકારી સંગઠનો તો એમાં ભાગીદાર થાય છે.
(૮) ૧૫મી ઓગસ્ટે દાહોદમાં જ્યારે મુખ્ય પ્રધાન રાષ્ટ્રધ્વજ લહેરાવવા આવવાના છે ત્યારે ૧૨૮ બિન-સરકારી સંગઠનોમાંથી ૧૨૦ તેમને ટેકો આપવાનાં છે.
(૯) મુસ્લિમોએ હિંદુઓને તાબે થઈ જવાનું સ્વીકાર્યું છે કારણ આર્થિક બાબતોમાં તેમણે હિંદુઓ પર નિર્ભર રહેવું પડે છે.
(૧૦) દરેક આતંકવાદી મુસ્લિમ હોય છે એવો એસએમએસ કેમ ફરે છે?
(૧૧) અસરગ્રસ્ત લોકોને આપણાં સંગઠનોમાં અવકાશ છે જ નહિ, આપણે તેમને નોકરી આપતા નથી.
(૧૨) શાંતિની વાત એકલીઅટૂલી ના થઈ શકે. આપણે વૈશ્વિકીકરણ અને સામ્રાજ્યવાદના સંદર્ભમાં એ તપાસવી પડે.

## ગુજરાત ૨૦૦૨: જીવનનિર્વાહ અને શિક્ષણ

કાર્યશાળાના બીજા દિવસે આ વિષય વિશે ચર્ચા થઈ. તેમાં ડૉ. સારા અહેમદ, ફાધર પોલ ડીસોઝા, હનિફ લાકડાવાલા, મનિષ તેવાની અને જાહ્નવી અંધારિયાએ પોતાની રજૂઆતો કરી હતી. તે નીચે મુજબ છે:

### ડૉ. સારા અહેમદ

શાંતિ નિર્માણ અને જીવનનિર્વાહ વચ્ચેનો સંબંધ ફરીથી તપાસવાની જરૂર છે. સંસાધનો ઉપર યોગ્ય રીતે અંકુશ ઊભો થાય તે જરૂરી છે. આપણને પસંદગીઓ કરવા માટેનો અધિકાર હોવો જોઈએ, અને આપણે એ જવાબદારીપૂર્વક કરવી જોઈએ. ન્યાયી અને સ્થિર જીવનનિર્વાહ સાથે પુનર્શાંતિ સંકળાયેલી છે. તત્કાળ માનવતાવાદી રાહત અને પુનર્વસનની જરૂરિયાત છે. શાસન નિર્માણ અને સંસ્થાનિર્માણ અગત્યનાં છે.

### ડૉ. હનિફ લાકડાવાલા

બિન-સરકારી સંગઠનો ખૂબ જ નિષ્ફળ ગયાં છે અને ફાસીવાદી બળો સામે એક ધર્મનિરપેક્ષ મંચ ઊભો કરી શક્યાં નથી. રમખાણોના

**જુઓ પૃષ્ઠ ૧૦**

# કોમી હિંસા (પ્રતિરોધ) ખરડો, ૨૦૦૫

યુ.પી.એ. સરકારે સાંપ્રદાયિક (કોમી) હિંસા દબાવવા માટેના ખરડાનો મુસદ્દો તૈયાર કર્યો છે. એ ખરડાની કેટલીક જોગવાઈઓ વિશે મોટો વિવાદ ઊભો થયો છે. એ ખરડા હેઠળ સરકાર ખરેખર તો સશસ્ત્ર દળોને મળનાર વિશાળ સત્તાઓ નાગરિક હકો અને સ્વાતંત્ર્યો ઉપર ગંભીર કુઠારાઘાત કરે છે, તો બીજી બાજુ રાજ્યોની સ્વાયત્તા ઉપર મોટી તરાપ મારે છે. ખરડાના ઉદ્દેશો વિશે કોઈ બેમત હોઈ શકે નહિ. રાષ્ટ્રના સેક્યુલર સ્વરૂપ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સામે સાંપ્રદાયિક (કોમી) હિંસા સૌથી મોટો ખતરો છે, એ નિર્વિવાદ છે. પણ આ ખરડો આવી હિંસા અસરકારક રીતે દબાવી શકશે, નિર્દોષ નાગરિકોના હક્કો અને સ્વાતંત્ર્યનો ભોગ લીધા વિના, એ અત્યંત શંકાસ્પદ છે. ખરેખર તો એવું લાગે છે કે આવા ખાસ કાયદાની જરૂર જ નથી. ભારતીય ફોજદારી કાનૂન અને એવા બીજા કેટલાક હયાત કાયદાઓનો જો અસરકારક, નિષ્ઠાપૂર્વક, નિષ્પક્ષ રીતે અને સખ્તાઈથી અમલ કરવામાં આવે તો સાંપ્રદાયિક હિંસાને દબાવી શકાય તેવો નિષ્ણાતોનો મત છે. આ અંગે **પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ)** દ્વારા તૈયાર કરાયેલી નોંધ અત્રે આપવામાં આવી છે.

રાષ્ટ્રના સેક્યુલર પોત, રાષ્ટ્રના ઐક્ય અને અભિન્નતાને ભયમાં મૂકતી મોટા પાયે આકાર લેતી કોમી હિંસા વિષે સંયુક્ત પ્રગતિશીલ જોડાણ સરકારની ચિંતાની અમે કદર કરીએ છીએ તેને કાબૂમાં લેવા માટેની તેમની કટિબદ્ધતા તથા રાજકીય રીતે બહુમતી કોમી બળોના હાથે ઉપસ્થિત આ ભયજનક વાતાવરણથી પીડાતા લઘુમતી સમુદાયના ભય અને ત્રાસ સામે તેમનામાં વિશ્વાસ અને આશા પ્રકટાવવાના એના ઈરાદાની અમે પ્રશંસા કરીએ છીએ. આ હેતુ બર લાવવા હાલની સરકારે કોમી હિંસા (પ્રતિરોધ) કાયદો અમલમાં લાવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતના નિસ્બત ધરાવતા અને લોકશાહી સેક્યુલર બંધારણના સંચલન અને સિદ્ધાંતો તથા પાયાનાં મૂલ્યોને વરેલા અને તે માટે સક્રિય નાગરિકો આ મુસદ્દા અને તેની અંતર્ગત સિદ્ધાંતો, અભિગમ અને જોગવાઈઓ ઉપર ગંભીરપણે વિચારણા કરી છે અને અમે એ તારણ ઉપર આવ્યા છીએ કે તેમાં પ્રશંસાપાત્ર ઉદ્દેશ છતાં તે આખરી સ્વરૂપ લે તે પહેલાં આ ખરડો રાષ્ટ્રવ્યાપી ચર્ચા, સંવાદ અને પરામર્શ માંગે છે.

અમારી ચિંતા, અંદેશા અને ભયના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

(૧) ખરડાનું આમુખ સ્પષ્ટ રીતે કાયદાના હેતુઓ અને લક્ષ્યો જાહેર કરે છે કે બંધારણ પાયાના તત્ત્વ તરીકે સેક્યુલરિઝમ છે અને બંધારણની કલમ-૩૫૫ નીચે બહારના આક્રમણ સામે આંતરિક અવ્યવસ્થા ઉપસ્થિત કરાવવા, સેક્યુલર પોતને નામશેષ કરાવવા અને રાષ્ટ્રના ઐક્ય અને અભિન્નતાને પડકારતા કોમી હિંસાના વલણ સામે રાજ્યને રક્ષણ આપવાની તથા લઘુમતી કોમોમાં વિશ્વાસ અને શ્રદ્ધા પેદા કરવાની કેન્દ્ર સરકારની ફરજ છે.

**પાયાના પ્રશ્નો આ છેઃ** શું સૂચિત ખરડો તેની વિવિધ જોગવાઈઓમાં આ હેતુ અને લક્ષ્યો પ્રતિબિંબિત અને હાંસલ કરે છે? લોકશાહી મૂલ્યો, માનવ હક્કો અને સમવાયિક તત્ત્વ જેવાં બંધારણનાં પાયાગત તત્ત્વોને પર્યાપ્ત માન આપવામાં અને તેની જાળવણી કરવામાં આવી છે, શું કાયદો વધારે ઘાતક અને મૂળ રોગ કરતાં વધુ ભયાનક નથી? શું કાયદો સાંપ્રત કોમી હિંસા અને તેનું સાચું ચરિત્ર સ્પષ્ટ રીતે, સહેજ પણ સમજી શક્યો છે અને તેનો અસરકારક સામનો કરી શકશે, શું કાયદો વિરોધી હેતુ સિદ્ધ કરનાર બની લઘુમતીઓને વધુ મુશ્કેલીમાં નહીં મૂકે, શું કાયદો કોમી હિંસાનાં બધાં પાસાં અને પરિમાણોને આવરી લેવા માટે પૂરતો સર્વાશ્લેષી છે, પોલિસ, રાજકારણીઓ અને ધારાશાસ્ત્રીઓની ગુણવત્તા અને ચારિત્ર્ય જોતાં શું કાયદો તેના શબ્દો અને હેતુઓ બર લાવવા શક્તિશાળી છે, જુદાં જુદાં પાસાંઓને પહોંચી વળવા માટે જુદા જુદા કાયદા હોવા વધુ જરૂરી નથી, શું પ્રવર્તમાન કાયદો વધુ સશક્ત ના બનાવી શકાય, શું તેમાં વધારે સુધારો કરી તેને કોમી હિંસા સામે કાર્યરત ના કરી શકાય?

(૨) હાલ કાયદામાં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે કોમી હિંસાને લગતા વિવિધ કાયદાઓ છેઃ ભારતીય દંડ સંહિતા, ક્રિમિનલ પ્રોસીજર કોડ, પોલિસ કાયદાઓ અને બીજા ક્રિમિનલ કાયદાઓ, એટ્રોસિટીઝ એક્ટ વગેરે. આપણે એ સર્વાંગીપણે તપાસવા જોઈએ કે આ કાયદાઓ બિન-અસરકારક કેમ બન્યા છે અને તે શું વાસ્તવમાં નિષ્ફળ નીવડ્યાં છે, કારણ કે તેમાં

નિહિત રીતે છીંડાં અને અવકાશ છે કે જેને સુધારી શકાય? શું કાયદાઓ રાજકીય ઈચ્છાના અભાવે તેના અમલીકરણની નિષ્ફળતાના કારણે બિન-અસરકારક પુરવાર થયા છે કે સમાજના ઉત્તરદાયિત્વના અભાવે અને તેના દબાવા નીચે બિનઅસરકારક રહ્યા છે? જો તે ઉપર દર્શાવેલ બીજા કારણસર હોય તો નવો કાયદો પ્રયોજી શકાય તેવી કોઈ બાંયધરી આપી શકાય નહીં. જાતિઓના ઝઘડાઓમાં આવો જ એટ્રોસિટીઝ એક્ટની નિષ્ફળતા ઘણા પાઠ ભણાવી શકે તેટલું સૂચક છે.

(૩) સૂચિત કાયદો ધાર્મિક, જાતિગત, નાણાકીય, પ્રાંતીય અને જ્ઞાતિગત અણબનાવો અને હિંસાને એક સાથે મૂકે છે. આ બધા ગુણાત્મક રીતે એકબીજાથી ભિન્ન છે, અને તે દરેક માટે અલગ અભિગમની આવશ્યકતા છે. એક્ટ કાયદો આ બધા માટે કામ નહીં લાગે. દાખલા તરીકે એટ્રોસિટીઝ એક્ટ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સામેની હિંસાને કાબુમાં લેવા અને રોકવા માટે વિગતવાર અને વિશદ જોગવાઈઓ ધરાવે છે, તો પછી આ નવા કાયદામાં શા માટે આવરી લેવાઈ છે.

(૪) ધાર્મિક લઘુમતી અને તે સમુદાય સામેની કોમી હિંસા એ વધુ ભયાનક પ્રશ્ન છે જેનો રાષ્ટ્ર આજે સામનો કરી રહ્યું છે. એની સામે અલગ રીતે કામ પાર પાડવું જોઈએ.

(૫) હમણાંથી થતા હિન્દુ-મુસલમાન અને ખ્રિસ્તીઓ વચ્ચેના કોમી અણબનાવોને બે ભિન્ન કક્ષામાં વર્ગીકૃત કરવા જોઈએઃ (૧) સ્થાનિક અને અમુક જૂથ વચ્ચે સીમિત તથા બહુ મોટા પાયે રાજકારણ સાથે ના સંકળાયેલ હોય તેવા કોમી હિંસાના સામાન્ય કેસો (૨) ૨૦૦૨માં ગુજરાતમાં પ્રસરેલ રાજ્યપ્રણીત અને રાજકીય અને શક્તિશાળી સામાજિક જુથો દ્વારા ટેકો મેળવેલ કોમી હિંસા કે જે સ્પષ્ટ વૈચારિક અન રાજકીય કાર્યક્રમ સિદ્ધ કરવા આચરવામાં આવતી હિંસા છે તેને માટે એક કાયદો ના ચાલે. સને ૧૯૮૦થી ૧૯૯૦ની કોમી હિંસા બન્ને પ્રકારની એટલે કે સ્પષ્ટ રીતે અમલમાં મુકાયેલ રાજકીય, બહુમતીલક્ષી અને જેને રાજ્યની માન્યતા મળી છે. સૂચિત કાયદો કે જેમ સરકારને બહુ જ બહોળી સત્તાઓ આપવામાં આવી છે તે એનો જવાબ નથી. ૨૦૦૨ના મુસ્લિમો સામેની ગુજરાતની કોમી હિંસા સામાન્ય પ્રકારની હિંસાનો પ્રકાર ન હતી તે રાજકીય ટેકાવાળી, વ્યવસ્થિત રીતે આયોજિત અને ગુજરાત રાજ્ય દ્વારા ટેકો પામેલી અને મદદ પામેલી તથા કેન્દ્ર સરકાર દ્વારા ઉપેક્ષિત અને નજર અંદાજ થયેલ મુસ્લિમોની કત્લેઆમ હતી. આવી કત્લેઆમને સૂચિત કાયદો કેવી રીતે પહોંચી વળે ?

(૬) જો કે સૂચિત કાયદો લઘુમતીઓને રક્ષણ આપવાનું અને તેમનામાં શ્રદ્ધા તથા વિશ્વાસ જન્માવવાનો હેતુ ધરાવે છે. પણ તેમની જોગવાઈઓ હેતુ બર લાવતી નથી. કારણ કે કલમ-૩ અને ૪ ધાર્મિક તેમ જ અન્ય જૂથો સામેની હિંસાના કેસોને આવરી લે છે. એટલે તે સ્પષ્ટપણે લઘુમતી દ્વારા આચરવામાં આવેલી હિંસાને પણ તેમાં સમાવી લે છે. આજનાં સંજોગોમાં મુસ્લિમોને આંતકવાદીઓ સાથે સરખાવવામાં આવે છે. અને તેમના દ્વારાની દૃઢ રજૂઆતો, વિરોધ અને પ્રતિ પગલાંઓને કોમી હિંસા અને કોમી વેરઝેર જ તરીકે જ ગણવામાં આવશે અને પરિણામ 'ટાડા' અને 'પોટા' કાયદાના અમલ જેવું જ આવશે. સૂચિત કાયદામાં આ માટેની ભયાનક શક્યતાઓ છે અને તેનો ઉપયોગ મુસ્લિમો સામે જ ચોક્કસપણે કરવામાં આવશે. શું તે તમે રોકી શકશો?

(૭) વિસ્તારોને કોમી હિંસાગ્રસ્ત વિસ્તારો જાહેર કરીને અને તેના પરિણામ સ્વરૂપ પગલાંઓ આરંભીને સૂચિત કાયદો રાજ્ય અને કેન્દ્ર સરકારને કોમી હિંસા સામે કામ પાર પાડવા સત્તા આપે છે. ગુજરાતમાંની કોમી માનસગ્રસ્ત મોદી સરકારનું શું? તેની સામે આ કાયદા નીચે કેન્દ્ર સરકાર શું કરી શકે? શું કેન્દ્ર સરકાર પોતે જાહેરનામું બહાર પાડી કલમ-૩ નીચેનું રાજ્ય સરકારનું જાહેરનામું રદબાતલ કરી શકે છે? અને જ્યારે એક અને એક સરખા રાજકીય પક્ષ કે પક્ષોની રાજ્ય અને કેન્દ્ર સરકાર એટલે રાજ્યની મોદી સરકાર કેન્દ્રની વાજપાઈ સરકાર બંને હશે ત્યારે પરિસ્થિતિ અત્યંત કપરી બની જશે. આવા સંજોગોમાં બંને બાજુએથી લઘુમતીંએ સહન કરવું પડશે. સમાજમાં કોમી હિંસા અને સરકાર દ્વારા કાયદાનો દુરઉપયોગ.

(૮) સૂચિત કાયદો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને અત્યંત બહોળી સત્તા પૂરી પાડે છે. લશ્કર તેનાત કરવું, ઠાર મારો જેવા ભયંકર અને પ્રતિગામી પગલાં, પોલિસ બળનો ઉપયોગ, ધરપકડ, પ્રતિબંધક અટકાયત અને તડીપાર, ઘરની તપાસ, ધાર્મિક સ્થળોની અને કોઈ પણ વિસ્તારોની તપાસ, બધી જ વસ્તુઓ હથિયારો અને પદાર્થોની જપ્તી. આ બધી જોગવાઈઓ અન્ય હાલ પ્રવર્તમાન કાયદાઓમાં છે અને અનુભવ એવો છે કે કોમી તનાવ સમયે તેનો ઉપયોગ લઘુમતીઓ સામે સરેઆમ થયો છે અને તે પણ ત્યારે કે જ્યારે લઘુમતી કોમી તનાવની ભોગ બની હોય ત્યારે પણ ગુજરાતમાં એમ જ બન્યું હતું.

(૯) જમાનત માટેની અત્યંત કડક જોગવાઈ 'ટાડા' અને 'પોટા' ની જોગવાઈઓનું પુનરાવર્તન છે અને આ જોગવાઈઓનો લઘુમતી સમુદાયોના સભ્યોની અમર્યાદ માટે સરેઆમ

દુરુઉપયોગ થશે.

(૧૦) આસામમાં પ્રવર્તમાન આર્મ્સ એક્ટ કે જેની સામે ત્યાં જનઆંદોલન ગતિમાં છે તેના જેવી જ આ સૂચિત કાયદાની જોગવાઈઓ છે.

(૧૧) અમુક મર્યાદાઓ સાથે ખાસ કોર્ટો સામે કોઈ વાંધા વિરોધ નથી. એક-કે ગુનાઈત ન્યાય કેન્દ્ર અને રાજ્ય સરકારની હેઠળ છે - એટલે કે તેની તપાસ કરનાર પોલિસ અને પબ્લિક અને પોલિસ પ્રોસીક્યુટર નીચે. તેમની તટસ્થતા અને અપક્ષપાતીપણું કેવી રીતે સ્થાપિત કરવું. બીજું કે સામાન્ય ક્રિમિનલ કોર્ટોની ગુણવત્તા કે જેમાં જેની સામાન્ય ક્રિમિનલ કોર્ટોની ગુણવત્તા કે જેમાં જજો સામાન્ય સામાજિક સ્તરમાંથી અને સામાન્ય પશ્ચાદભૂ ધરાવતા હોય છે. તમે પૂર્વગ્રહ કે તરફદારી વગર અને ભય વગર કાયદાના નિર્ભેળ પાલન માટે ખાતરી ધરાવો છો ? એવી ખાતરી ક્યાં છે કે ગુજરાતનું પરિદૃશ્ય ફરીથી પુનરાવર્તિત નહીં થાય?

(૧૨) અસરગ્રસ્તોને કોર્ટ દ્વારા અપાનાર વળતરની જોગવાઈઓનું સ્વાગત છે, પણ ઉપર દર્શાવેલ મર્યાદા અને ભયસ્થાનો સાથે.

(૧૩) 'રાહત અને પુનર્વસન' નું પ્રકરણ-૫ ઘણું સરસ છે, તેનું સ્વાગત છે. કોમી તનાવ રાહત અને પુનર્વસવાટ સમિતિ અસરકારક રીતે સમયસર અને અર્થપૂર્ણ રીતે કેવી રીતે કાર્યરત થાય તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ગુજરાત જેવી પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા રચાનાર આ સમિતિ ઘણી શંકાઓ ઉપસ્થિત કરે છે. કેન્દ્ર સરકાર, જો એ તટસ્થ અને પક્ષના હેતુથી ઉપર રહીને કામ કરે તો, આ સમિતિની રચના અને કાર્યશૈલીમાં વધુ યોગદાન આપવું જોઈએ. અને સમિતિ હસ્તકના ફંડની રચના થશે તેની સોંપણી સમિતિને કરવામાં આવે.

ઘણી સન્માનનીય સ્વતંત્ર હસ્તીઓને આ સમિતિના કાર્ય સાથે જોડવી જોઈએ. કેન્દ્ર કક્ષાએ આ સમિતિના કામનું સતત અવલોકન કરાવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. રાહત અને પુનર્વસવાટની કામગીરીમાં સંપૂર્ણ પારદર્શિતા અને લોકોને સઘળી માહિતી સતત આપવામાં આવે તે સમિતિની સફળ કામગીરી માટે નિતાંત આવશ્યક છે.

(૧૪) આશ્ચર્યકારક બાત એ છે કે અણબનાવ બને જ નહીં તેવા પગલાંઓની જોગવાઈઓનો સૂચિત કાયદામાં અભાવ છે. આવા બનાવ બને જ નહીં તેવી પરિસ્થિતિનું નિર્માણ એ કોમી હિંસા ટાળવાનું સફળ સાધન છે. ઘણી સારી જોગવાઈ એટ્રોસિટીઝના કાયદામાં છે. સ્વતંત્ર તપાસ એજન્સી, કોમી રીતે સંવેદન વિસ્તારોની જાહેરાત, નાના બનાવો અંગે ખોટી જાણકારી અને અફવાઓના ખાળવા માટેના અસરકારક પગલાં, ધિક્કાર ફેલાવતા ભાષણો અને ચોપાનિયાં ઉપર નિયંત્રણ, ટૂંકા સમયની અટકાયત - ધરપકડો, સાચી માહિતી માટેના સાચા માહિતી કેન્દ્રો, સાચી માહિતી, સાચા સમયે બધાને પહોંચાડવાનું તંત્ર, સંયુક્ત શાંતિ સમિતિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓની અને વિસ્તારની જાણીતી હસ્તીઓની યાદી, હિંસા અટકાવવા અને અવ્યવસ્થાની પરિસ્થિતિ દૂર કરવા આ બધી વ્યવસ્થાનું સતત અવલોકન જરૂર પડે ત્યાં માર્ગદર્શન માટેની ઊંચી કક્ષાના અધિકારીઓની સતત કાર્યરત ભાગીદારીની અનિવાર્ય આવશ્યકતા છે. અલબત્ત આના માટે પ્રમાણિકતા, નિષ્ઠા અને હેતુપરાયણતા તથા પ્રતિબધ્ધતા અનિવાર્ય છે જો કે તેની બાંયધરી ના આપી શકાય પણ આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ. કોમી હિંસાને ડામવા માટેની કોઈ પણ વ્યૂહાત્મકતા માટે આ પગલાં સૌથી વધુ અગત્યનો ભાગ છે અને તે કાયદાની પરિસીમાની બહારથી ઉપલબ્ધ કરવા પડે છે.

(૧૫) અલાયદી અને ઊંચી ગુણવત્તા ધરાવતી ખાસ અદાલતો ધિક્કાર ફેલાવતા પ્રવચનોના અને ઉશ્કેરણીજનક ગુનાઓ સામે ઝડપથી અને પક્ષપાત વગર કામ ચલાવવા સ્થાપવી પડશે. પોલિસની સમયસરની કોર્ટ કાર્યવાહી, પ્રતિબંધિત જોગવાઈઓ, ઝડપી ખટલાઓ અને સ્પષ્ટ સજાઓ સઘળી મુશ્કેલીઓને ઉગતી જ ડામી દઈ શકે.

(૧૬) કોમી રીતે સંવેદનશીલ વિસ્તારો નક્કી કરવા અને કોમી એકતાના ભંગ બદલ નિશ્ચિત જવાબદારી ધરાવતા પોલિસ અધિકારીઓ અને અન્ય ખાસ અધિકારીઓની આ વિસ્તારો માટે નિમણૂક કોમી હિંસા ડામવા અને અટકાવવા માટે વધુ મોટી સેવા કરી શકશે. સર્વોચ્ચ અદાલતે ખોટા પગલા લેવા અને પગલાં નહી લેવા બદલ વ્યક્તિગત અધિકારીઓની પોતાની જવાબદારી નક્કી કરવાના સિદ્ધાંતને માન્ય રાખ્યો છે.

(૧૭) સૂચિત કાયદો કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના બંધારણીય સત્તાના અને કામગીરીના સમતુલનને ગંભીર રીતે હાનિ પહોંચાડે છે અને વધુ કેન્દ્રીકરણ ઉપસ્થિત કરે છે. તેને કારણે કાયદો ન્યાયતંત્રની નજરમાં કદાચ નબળો પુરવાર થાય. આના બદલે સહકારભર્યા અને એકમેકને પૂરક વ્યવસ્થા વિચારી શકાય. જો બધા પ્રમાણિક પણ સાચા દિલથી પ્રયત્ન કરે.

(૧૮) સૂચિત કાયદો અત્યંત ગંભીર અને પાયાની ખામી ધરાવે છે. તે કોમી હિંસાને માત્ર કાયદો વ્યવસ્થાના મુદ્દા તરીકે જ જુએ છે. હકીકતમાં આ આવશ્યક રીતે રાજકીય અને

સમાજીક પ્રશ્ન છે જે જુદી નીતિ પોલિસની કામગીરી સહિત વ્યુહાત્મક અને કાર્યવાહીની અપેક્ષા રાખે છે. રાષ્ટ્રીય કારકિર્દી ધરાવતા સમાજ જીવનના વિવિધ વર્ગોમાંથી આવતા ન્યાયાધીશો, શિક્ષણશાસ્ત્રીઓ, રાજપુરુષો, કર્મશીલો સહિત મોભાદાર અદ્વિતીય વ્યક્તિઓના બનેલા ઉચ્ચ સત્તા ધરાવતા કોમી હિંસા માટેના રાષ્ટ્રીય પંચની રચના કરવી જોઈએ જે પંચ પાસે તપાસની, પૂછપરછની, અટકાયતની અને નિરિક્ષણ તથા દેખરેખની અબાધિત સત્તાઓ હોય અને આવાં પંચો રાજ્ય કક્ષાએ પણ નીમવાં જોઈએ.

અમે માનીએ છીએ કે અને તારણ ઉપર આવ્યા છીએ કે, અંતતોગવા આ ચારિત્ર્યની કટોકટી તથા વિચારધારાનો પ્રશ્ન છે. પણ આપણે આના મૂક સાક્ષી ન બની શકીએ. કોમી કેન્સર બંધારણ અને રાષ્ટ્રને ગ્રસ્ત કરી રહ્યું છે. તે ફાસિસ્ટ વિચારધારા અને વંશીય નિકંદનના કાર્યક્રમો ભયાવહ આકાર ધારણ કરી રહ્યું છે. આ અત્યંત સંવેદનશીલ અને નાજુક બાબત પણ છે. લોકોના દરેક વર્ગમાંથી આના માટે ઉદારમતવાદી, સેક્યુલર, લોકશાહીયુક્ત અને વિવેકપૂર્ણ બૌદ્ધિક અભિગમની આવશ્યકતા છે. રાજ્ય સરકાર, કારોબારી/વ્યવસ્થાતંત્ર, પોલિસ, લશ્કર, અદાલતો, ટ્રિબ્યુનલ્સ, જાહેર સંસ્થાઓ, શૈક્ષણિક કેન્દ્રોએ સમગ્ર રીતે (આમુખ) મૂળભૂત અધિકારો, માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત ફરજો (શબ્દ અને તત્ત્વમાં) માંથી માર્ગદર્શન મેળવવું જોઈશે. એ સિદ્ધાંતને આપણે દૃઢપણે વળગી રહેવું પડશે. અને આ સિદ્ધાંતો વિરુદ્ધ કામ કરતા અને તેને આહ્‌વાન આપતાં બળો, જૂથો અને પ્રશ્નોને પડકારવા, ડામવા અને ખુલ્લા પાડવાની જવાબદારી બજાવવા ડગમગવું ન જોઈએ. પણ આની સામે લડતા સમયે જે દુર્ગુણો અને ખરાબીઓ ને સત્તાલક્ષી અને ફાસીવાદી બળોને વશ વર્તે છે તેવું આપણી બાબતમાં ન બનવું જોઈએ. આપણે બંધારણને વશ વર્તી રહેવું જોઈએ.

## પૃષ્ઠ ૬નું શેષ

અસરગ્રસ્તોના સામૂહિકા આત્મગૌરવ વિશે આપણે વિચારવું જોઈએ. ૨૦૦૨નાં રમખાણો એ મુસ્લિમોના આવા આત્મગૌરવ ઉપરનો હુમલો હતો. તેઓ તેમના સ્થળે જીવી શકે તે માટે ન્યાય અને વળતરને પ્રાથમિકતા મળવી જોઈએ. ૨૦૦૨નાં રમખાણો એ આપણા જીવનનો એક મોટો વળાંક છે. બિન-સરકારી સંગઠનો સંગઠિત પ્રતિભાવ આપવામાં સદંતર નિષ્ફળ ગયાં છે. ૨૦૦૨ પછી કોઈ સંગઠિત ધર્મનિરપેક્ષ બળ ઊભું થયું નથી. માત્ર આવક સર્જનની પદ્ધતિઓ અસરગ્રસ્તોને આપવાથી કશું વળશે નહિ. મુસ્લિમ બાળકો પણ આશાઓ અને આકાંક્ષાઓ ધરાવે છે.

### ફાધર પોલ ડિસોઝા

(૧) જીવનનિર્વાહમાં મહિલાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. (૨) પુનર્શાંતિના સંદર્ભમાં જીવનનિર્વાહના પ્રશ્નને તપાસવો જોઈએ. (૩) જીવનનિર્વાહ માટેના વિકલ્પો તપાસવા અને તેમને તે ઘરઆંગણે ઉપલબ્ધ કરાવી આપવા. તેમની જરૂરિયાતોનું આકલન તે માટે કરવું જોઈએ. આ સંદર્ભમાં આ પ્રશ્નો ઊભા થાય છે:

(૧) શું બિન-સરકારી સંગઠનો તાલીમ માટે ભૂમિકા ભજવી શકે? તેમની કામ કરવાની ક્ષમતા વધારી શકે? તેનાથી તેમને સામાજિક દરજ્જો પણ મળશે. (૨) જીવનનિર્વાહના કયા વિકલ્પો આજે પ્રાપ્ય છે એના વિશે શું કોઈ અભ્યાસ થઈ શકે? (૩) આપણા સૌને માટે એ સર્વસામાન્ય કાર્યસૂચિ બની શકે?

### સુશ્રી જાહ્નવી અંધારિયા

જ્યારે પણ આપત્તિ આવે છે ત્યારે રાહતનું નાનું પગલું પણ જરૂરી હોય છે અને આવકાર્ય હોય છે. તેથી હવે વધુ ગંભીર અને આયોજિત અભિગમ ઊભો કરવો જોઈએ કે જે આર્થિક પ્રશ્નોને તો આવરી જ લે પરંતુ સામાજિક સવાલોને પણ આવરી લે. જે કેન્દ્રો ૨૦૦૨નાં રમખાણો પછી ઊભાં થયાં હતાં તે સ્ત્રીઓ માટે જીવનનિર્વાહનો વિકલ્પ પૂરો પાડતાં કેન્દ્રો બન્યાં હતાં અને તેઓ પરસ્પર આદાન-પ્રદાન કરતાં હતાં. બધું જ પરસ્પર સંબંધિત છે અને આપણે આપણાં કામોને અલગ અલગ પાડી શકીએ નહિ. મહિલાઓ પોતે તેમના નિષેધોમાંથી બહાર આવે એ જરૂરી છે. પડકારો આ મુજબ છે:

• જીવનનિર્વાહમાં સામાજિક-આર્થિક પુનર્વસન અને મહિલાઓના પ્રશ્નોને ધ્યાનમાં લેવા. • મુસ્લિમો બધા સામાજિક-આર્થિક પુનર્વસન અને મહિલાઓના પ્રશ્નોને ધ્યાનમાં લેવા. • મુસ્લિમો બધા સમાનકક્ષાના નથી. તેઓ પણ જ્ઞાતિગત તફાવતો અને સંઘર્ષો ધરાવે છે.

### શ્રી મનિષ તેવાની

અસરગ્રસ્તોની સાથે સાથે અન્ય શહેરી ગરીબો પણ સહન કરી રહ્યા છે. તેઓ વૈશ્વિકરણની ખરાબ અસરોનો ભોગ બનેલા છે. વીમો અને લઘુ ધિરાણના ક્ષેત્રે ઝાઝું કશું થયું નથી. લોકો સુધી સેવાઓ પહોંચાડવી જરૂરી છે. રાજ્ય દ્વારા જે લાભો અપાય છે તે લોકો સુધી પહોંચવા જોઈએ. બેંકોના ધિરાણનો ઉપયોગ ગરીબો માટે કેવી રીતે થાય તે વિચારવું જોઈએ. બેંકોનો ધિરાણનો ઉપયોગ ગરીબો માટે કેવી રીતે થાય તે વિચારવું જોઈએ. ખાનગી ક્ષેત્ર સાથે મળીને કામ કરવું પણ લાભદાયી થઈ પડે. જે મુસ્લિમ વિસ્તારોમાં પાયાની અને મૂળભૂત સેવાઓ ન અપાતી હોય ત્યાં ખાનગી ક્ષેત્રનો તે માટે સંપર્ક સાધી શકાય.

# ઊર્જા ઘરઃ શાંતિ અને એખલાસ કાયમ કરવાનો પ્રયોગ

૨૦૦૨નાં રમખાણો બાદ **'ઓક્સફામ (ઇન્ડિયા) ટ્રસ્ટ'**ના સહયોગથી **'સેવામંદિર'** અને **'માનવ કલ્યાણ ટ્રસ્ટ'** દ્વારા અનુક્રમે રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ખેરવાડા અને ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં 'ઊર્જા ઘર'ની સ્થાપના દ્વારા હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે શાંતિ અને એખલાસની સ્થાપના કરવાનો પ્રયાસ થયો. આ પ્રયાસ અંગે જે સર્વે કરાયો તેને આધારે કેટલાંક અગત્યનાં તારણો દિલ્લી યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના રીડર **ડૉ. મનોજ કે. ઝા** દ્વારા અત્રે રજૂ કરાયાં છે.

### પ્રસ્તાવના

રાજસ્થાનમાં ૨૦૦૪માં એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. તે પછી જુન-૨૦૦૫માં જે સર્વે હાથ ધરવામાં આવ્યો તેનો આ અહેવાલ છે. આ સર્વેનો હેતુ ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણોના સંદર્ભમાં હિંસાનું નિવારણ કરવાનો અને શાંતિ ઊભી કરવાનો તથા તે માટે લાંબા ગાળાની દરમ્યાનગીરી કરવાને માટેની ભૂમિકા શોધવાનો હતો. રાજસ્થાનમાં ઉદયપુર જિલ્લાના ખેરવાડા તાલુકામાં આ સર્વે કરાયો. ઉદયપુર જિલ્લો ગુજરાતની સરહદે આવેલો છે અને ત્યાં ૨૦૦૨ પછી નિરાશ્રિતો મોટા પ્રમાણમાં આવ્યા હતા અને તેથી ત્યાં તનાવમાં વધુ વધારો થયો હતો.

આ સર્વે દરમ્યાન હિંદુઓ, મુસ્લિમો, આદિવાસીઓ, મહિલાઓ, યુવાનો, કિશોરો વગેરે મળીને કુલ ૫૦૦ જણાની મુલાકાત લેવામાં આવી હતી. ઉપરાંત, ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં આ સર્વે કરવામાં આવ્યો હતો. વિવિધ સમુદાયો વચ્ચે અવિશ્વાસનું જે વાતાવરણ ઊભું થયું હતું તે દૂર કરવાને માટે અને શાંતિ ઊભી કરવા માટે દરમ્યાનગીરીનાં વિવિધ મોડેલ ઊભાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ભેદરેખાના નિવારણનો ઉદ્દેશ

વિવિધ સ્તરોએ વિવિધ વ્યક્તિઓ અને સંગઠનો દ્વારા શાંતિ માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમ છતાં ૨૦૦૨નાં રમખાણોના અસરગ્રસ્તો માટે અને હિંસાને જોનારા લોકો માટે જિંદગી સંભવતઃ ફરી એક વાર યથાવત્ જલદીથી નહિ થાય એમ હતું જ. તેથી જ ગુજરાતનાં રમખાણોની બાબતમાં 'અમે' અને 'તમે' વચ્ચે જે ભેદરેખા દોરાઈ હતી તે કેવી રીતે ભૂંસાય તે મહત્ત્વનું હતું. સમુદાયો વચ્ચેની ખાઈ જે રીતે પહોળી થઈ ગઈ હતી તેને પરિણામે તેમની વચ્ચેના સંબંધો વિશેની સમજણ વિચિત્ર આકાર પામી હતી. કોમવાદની આ ઝડપી વૃદ્ધિનો એકમાત્ર વિકલ્પ શાંતિનું નિર્માણ કરવા માટેનો સંગઠિત પ્રયાસ હતો. સંઘર્ષનું નિવારણ કરવા માટે વિવિધ સમુદાયો વચ્ચે તેમના પોતીકા સંદર્ભ સાથે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કરવાં જરૂરી હતાં.

કોઈ પણ સામૂહિક કતલના અસરગ્રસ્તો અને તેના સાક્ષીઓ અને તેમાંથી બચી જનારા લોકોને ખૂબ લાંબા સમય સુધી એ હિંસાના પ્રતીકો અને તેની છાપ સાથે જીવવું પડતું હોય છે. યાદદાશતમાંથી એ ભુલાઈ જાય તે માટેનું કોઈ ત્વરિત પગલું હોતું નથી. વળી, એ માટે હિંસા આચરનારાઓ ભુલાઈ ન જાય એ પણ એટલું જ આવશ્યક છે.

આ કાર્યક્રમ એવી ધારણા સાથે આરંભવામાં આવ્યો કે હિંસા સમાજની વ્યવસ્થાઓ અને માળખાંમાં જન્મે છે અને તે એવાં હોય છે કે જે લોકોની શાંતિથી જીવન જીવવાની તકોને છીનવી લે છે. ટૂંકા ગાળાની ઈજાઓ અને લાંબા ગાળાનું માનસિક અને સામાજિક નુકસાન સમુદાયોને ગૂંગળાવી મારે છે અને સમાજમાં જીવવાનું તેમને માટે મુશ્કેલ બનાવી દે છે. હિંસા દૂર કરવા માટે તેથી કારણો અને લક્ષણો બંનેને તપાસવાં પડે છે.

એ ઉપરાંત, વર્તન સાથે સંબંધિત પૂર્વગ્રહો, પરસ્પરનું વ્યક્તિત્વ નિર્માણ અને બીજાં અનેક પાસાં પણ મહત્ત્વનાં છે કે જે વાસ્તવમાં વિવિધ સમુદાયોમાં વ્યક્તિગત અને સામૂહિક રીતે વર્તનની તરાહ નક્કી કરે છે. ઘણાં વર્ષોથી પૂર્વગ્રહો બંધાયેલા હોય છે અને તેથી પરસ્પરના સંબંધોમાં અવિશ્વાસ જન્મતો હોય છે. કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં આ જ આ અભ્યાસનો મૂળ મુદ્દો હતો. પરસ્પરની સાંસ્કૃતિક અને ધાર્મિક બાબતો વિશેની સમજ ખૂબ જ અગત્યની છે એમ પણ જણાયું છે. ધર્મ એ મતકારણનો ભાગ બન્યો છે અને ધર્મ જીવન જીવવાની પદ્ધતિને બદલે રાજકારણનો ભાગ બન્યો છે અને ધ્યેયને સ્થાને સાધન બન્યો અને તેથી કોમવાદનું આધુનિક સ્વરૂપ ઊભું થયું છે એમ પણ આ કાર્યક્રમ શરૂ કરતાં પહેલાં મનાયું છે.

### વ્યાપક પ્રશ્નોનો આધાર


સંઘર્ષના નિવારણ માટેનો આ કાર્યક્રમ પછીથી ઓળખ અને સંઘર્ષના

પ્રશ્નો, વર્તન અને વલણના વ્યવહારો તથા સ્થાનિક સ્તરે થતા ફેરફારોને ધ્યાનમાં લઈને ગોઠવાયો. પૂર્વગ્રહો, જડપણે મનમાં ઘૂસી ગયેલી બાબતો અને સંસ્થાગત વ્યવસ્થાઓમાં ધર્મ અને શ્રદ્ધા વગેરેને આ કાર્યક્રમનો આધાર બનાવાયાં. જે તે વિસ્તારોમાં કોને દુશ્મન જૂથો સમજવામાં આવે છે એ સમજાયું અને સંઘર્ષ નિવારણનું જ્ઞાન તેમનામાં ખૂબ ઓછું છે એમ જણાયું. વાસ્તવમાં, અંતદૃષ્ટિનો અભાવ અને એવી સંસ્થાઓનો અભાવ અગત્યનો હતો કે જે અસરકારક રીતે આ સમસ્યાઓનો ઉકેલ લાવી શકે. દરેક ગામ અને નગરમાં દરેક સ્થળે બંને સમુદાયોમાં ઉદારમતવાદી લોકો છે એમાં કોઈ શંકા નથી પરંતુ કોમવાદના ઉછાળામાં તેઓ દબાઈ ગયા છે.

**શાંતિ નિર્માણ: 'ઊર્જા ઘર'નો પ્રયોગ**

ગુજરાતના સાબરકાંઠા અને રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં 'ઊર્જા ઘર' દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. આ 'ઊર્જા ઘર' એક સંસાધન કેન્દ્ર છે. હિંસાને લીધે ઊભા થતા પ્રશ્નોના પ્રતિભાવરૂપે આ એક લાંબા ગાળાનો કાર્યક્રમ 'ઓક્સફામ (ઈન્ડિયા) ટ્રસ્ટ' દ્વારા હાથ ધરવામાં આવ્યો.

કાર્યક્રમના આરંભે ૨૦૦૪માં પ્રથમ અભ્યાસમાં ૪૦૦ પરિવારોની મુલાકાત લેવાઈ. તેમાં સવર્ણ હિંદુઓ, દલિતો, આદિવાસીઓ વગેરેનો સમાવેશ થતો હતો. તેમાં મુસ્લિમ-વિરોધી માનસનું જબરજસ્ત મોજું



દેખાયું હતું. ૫૫ ટકા મુસ્લિમોએ હિંદુઓને રમખાણો માટે જવાબદાર ગણાવ્યા હતા, જ્યારે ૩૧ ટકા સવર્ણ હિંદુઓએ, ૪૪ ટકા દલિતોએ અને ૬૮ ટકા આદિવાસીઓએ મુસ્લિમોને તે માટે જવાબદાર ગણાવ્યા હતા. માત્ર ૨૦ ટકા લોકોએ જ એમ જણાવ્યું હતું કે રમખાણો રાજકીય રીતે પ્રેરિત હતાં. એમ પણ જણાઈ આવ્યું કે મોટા ભાગના કિસ્સામાં બંને સમુદાયો વચ્ચેનાં સર્વસામાન્ય પાસાં અને સહિયારા જીવનની બાબતોનો ખૂબ જ ઝડપથી લોપ થઈ રહ્યો છે. ઉપરાંત, મોટા ભાગના લોકોએ એમ જણાવ્યું કે તેઓ તેમના સમુદાયમાં જ મિત્રો ધરાવે છે અને પોતાની જ્ઞાતિ કે પોતાના ધર્મમાં જ જો મિત્રતા હોય તો સારી મિત્રતા શક્ય બને છે એમ તેઓ માને છે.

## પારસ્પરિક રીતે વધુ તકોની પ્રાપ્તિ

બીજો સર્વે જુન-૨૦૦૫માં કરવામાં આવ્યો. તેમાં ૫૦૨ પરિવારોની મુલાકાત લેવામાં આવી. આ સમયે માત્ર ૧૧ ટકાએ જ કોઈ એક સમુદાયને રમખાણો માટે જવાબદાર ગણાવ્યો. માત્ર ૧૩ ટકા મુસ્લિમો અને ૧૪.૯ ટકા સવર્ણ હિંદુઓએ સામસામે આક્ષેપો કર્યા હતા. જ્યારે અગાઉના સર્વેમાં ૬૩ ટકાએ પરસ્પરને જવાબદાર ગણાવાયા હતા. તે એમ દર્શાવે છે કે વિવિધ સમુદાયોની પણ નોંધપાત્ર હતી કે ૨૭ ટકા લોકો તેમનાં ગામોમાં જીવવાનું કશું ગૌરવ અનુભવતા નહોતા.

તે બાબત આ કાર્યક્રમ માટે પડકારરૂપ હતી અને સાથે સાથે તેની દિશા નક્કી કરનારી પણ હતી. સ્થાનિક વાતાવરણમાં જ લોકો પોતાનું હિત સમજે એની જરૂર છે અને તે તો જ થાય કે જો લોકોને પરસ્પર હળવા-મળવાની વધારે ને વધારે તકો પ્રાપ્ત થાય.

'ઊર્જા ઘર' દ્વારા યુવાનો, બાળકો અને મહિલાઓ માટેની પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. તેમાં બંધનમુક્ત, બિન-સાંપ્રદાયિક અને અહિંસક મૂલ્યોને કેન્દ્રમાં રાખવામાં આવ્યાં. 'ઊર્જા ઘર'નું મહત્ત્વ જે રીતે તે સ્થાનિક વ્યક્તિઓ અને સમુદાયોમાં કામ કરે છે અને સામાજિક તથા માનસિક બાબતોને સ્પર્શે છે તે છે. 'ઊર્જા ઘર' એક વિચાર હતો અને હવે તે એક અસ્તિત્વ બન્યું છે.

## મહત્ત્વના પ્રશ્નો

મુલાકાતો દરમ્યાન એમ જાણવા મળ્યું કે બંને સમુદાયો અને તમામ જ્ઞાતિઓના ઘણા લોકોએ એમ જણાવ્યું કે તેમને 'ઊર્જા ઘર' વિશે મિત્રો પાસેથી સાંભળ્યું છે પણ તેમને તેની મુલાકાત લેવાનો અને ત્યાં રહેવાનો સમય મળ્યો નથી. સમુદાયો વચ્ચે રચનાત્મક અને સર્જનાત્મક સંબંધ સ્થાપવાને માટે યુવાનો અને કિશોરો માટેની પ્રવૃત્તિઓ મહત્ત્વની છે અને તે માટે સઘન પ્રયત્નો થાય એ આવશ્યક સમજાયું છે. 'ઊર્જા ઘર' એક સહિયારું સ્થાન છે કે જ્યાં તમામ જ્ઞાતિઓ અને સમુદાયોના લોકો સંઘર્ષની નિરર્થકતા સમજે છે. એ એક સમાવેશી કેન્દ્ર છે. તે પૂર્વગ્રહો, જડ કરી ગયેલી માન્યતાઓ વગેરેની અન્ય સમસ્યાઓ દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 'ઊર્જા ઘર' દ્વારા નીચેના કેટલાક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતુંઃ

(૧) જુદાં જુદાં જૂથો વચ્ચે શા માટે લાગણીઓ તંગ રહે છે?
(૨) શા માટે એક સમુદાય એમ માને છે કે તેની શાંતિ અને સમૃદ્ધિ પર મોટો હુમલો કરવા માટે બીજો સમુદાય તૈયારી કરી રહ્યો છે અથવા તેને માટે સક્ષમ છે?
(૩) કેવી રીતે કોઈક પ્રશ્ન મોટા સંઘર્ષનો મુદ્દો બની જાય છે કે જેની મોટા ભાગના લોકો તપાસ કરતા નથી અને તેની પાછળનું કાવતરું સમજતા નથી?

જો કે, 'ઊર્જા ઘર' દ્વારા એ સમજાવું જોઈએ કે આપણા ધર્મ અને તેમના ધર્મ કે આપણી સંસ્કૃતિ અને તેમની સંસ્કૃતિ વચ્ચેના ભેદ વિશેના વિવિધ ખ્યાલો જ સંઘર્ષને જન્મ આપે છે. તે ખ્યાલો ઘણા બધા પ્રશ્નોને આવરી લે છે અને તે એક મોટા સંઘર્ષમાં પરિણમે છે. આ સંદર્ભમાં જે કામગીરી 'ઊર્જા ઘર' દ્વારા હાથ ધરવામાં આવી તેના પાંચ મુદ્દા આ સાથેના ચિત્રમાં દર્શાવવામાં આવ્યા છે.

જેઓ તફાવતો સંઘર્ષને જન્મ ન આપે એમ ઈચ્છે છે એવા લોકોને ઓળખવાનું અને તેમની વચ્ચેના સંબંધોને વિકસાવવાનું કામ 'ઊર્જા ઘર' દ્વારા કરાયું છે અને હવે તે વધુ કરવાની જરૂર છે. સમુદાયો વચ્ચે સૌહાર્દ ઊભો થાય તે માટે દરમ્યાનગીરી કરવા માટે તૈયાર એવા લોકો વચ્ચેના સંબંધો મજબૂત બને તે જરૂરી છે.

## સમુદાય સ્તરનો પ્રયાસ

'ઊર્જા ઘર'ની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઓળખ, પૂર્વગ્રહો અને જડ નાખેલી માન્યતાઓને તોડવા માટેનો પ્રયાસ કરાયો છે. ઘણા લોકોએ એમ જણાવ્યું છે કે તેઓ 'ઊર્જા ઘર'ને પરિણામે બીજા સમુદાય વિશેની માન્યતાઓ અને પૂર્વગ્રહો નિરર્થક છે એમ સમજ્યા છે. તેમાંનાં ઘણાં તો બાળકો અને કિશોરો હતા કે તેમણે કહ્યું કે તેઓ પરસ્પર હળ્યા-મળ્યા અને પરસ્પરનાં ઘરોની મુલાકાત લીધી તેથી પરસ્પર વિશેની તેમની ઘણી બધી માન્યતાઓ તૂટી પડી. જો કે, જીવંત બહુવાદી સમાજ અને સમુદાયો વચ્ચેના સામાન્ય સંબંધો માટે એ જરૂરી છે કે તેમની વચ્ચે અવિશ્વાસ અને શંકાઓ ન હોય. એ એની પ્રાથમિક શરત છે. 'ઊર્જા ઘર' વાસ્તવમાં સમુદાય સ્તરે શાંતિને કાર્યગત બનાવવાનો પ્રયાસ છે અને બહુવાદી સમાજમાં એ જ એક વિકલ્પ છે.

# જનસુનાવણી દ્વારા સામાજિક અન્વેષણ

દિલ્લીની 'પરિવર્તન' સંસ્થા દ્વારા જે જનસુનાવણીનો પ્રયોગ હાથ ધરાયો અને તે દ્વારા જાહેર કામોનું જે સામાજિક અન્વેષણ હાથ ધરાયું તેની પ્રક્રિયાની વિગતો અને તેનાં પરિણામોની વિગતો આ લેખમાં આપવામાં આવી છે. જનસુનાવણીના માધ્યમથી સરકારી તંત્રને લોકો પ્રત્યે ઉત્તરદાયી બનાવી શકાય છે એમ આ પ્રયોગ બતાવે છે. ઉપરાંત, માહિતીના અધિકારનો ઉપયોગ કરવાથી તંત્ર પારદર્શી બને છે પણ સાથે સાથે તંત્રને ઉત્તરદાયી બનવાની ફરજ પણ પડે છે. **શ્રી હેમન્તકુમાર શાહ** આ લેખમાં આ સમગ્ર પ્રક્રિયાને સુપેરે દર્શાવે છે.

## પ્રસ્તાવના

જનસુનાવણીના નવતર પ્રયોગ દ્વારા શાસન તંત્રમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ લાવવાનો પ્રયાસ દેશભરમાં કેટલાંક બિન-સરકારી સંગઠનો દ્વારા કરાયો છે. ભ્રષ્ટાચાર સામે લડવાની આ એક નવી જ રીત છે.

માહિતીના અધિકારનો કાનૂન અને તેનો સભાન ઉપયોગ કેવાં પરિણામો લાવી શકે છે એ આ પ્રયોગોથી જોઈ શકાય છે. સતત તકેદારી એ લોકશાહીની કિંમત છે. પણ એ કિંમત ચૂકવવાની મજબૂત રીત જનસુનાવણી અને સામાજિક અન્વેષણ છે એ આ પ્રયોગ પરથી જોઈ શકાય છે. દિલ્લીની 'પરિવર્તન' સંસ્થાએ કેવી રીતે આ પ્રક્રિયા હાથ ધરી અને તેનાં શાં પરિણામો આવ્યાં તેની વિગતો હવે આપણે જોઈએ.

## પ્રથમ જનસુનાવણી

દિલ્લી મહાનગરપાલિકા દ્વારા અગાઉનાં બે નાણાકીય વર્ષો દરમ્યાન સુંદરનગરી અને ન્યૂ સીમાપુરી વિસ્તારોમાં જે કામો હાથ ધરવામાં આવ્યાં હતાં તે તમામ વિશેની માહિતી દિલ્લીના માહિતી અધિકારના કાનૂન હેઠળ ઓગસ્ટ ૨૦૦૨માં પ્રાપ્ત કરવામાં આવી હતી. આ બંને વિસ્તારોમાં નિમ્ન આવક ધરાવનારા લોકોની વસાહતો છે.

પછી બંને વિસ્તારોના બ્લોકવાર તે માહિતી અલગ પાડવામાં આવી. સુંદરનગરીમાં ૧૧ અને ન્યૂ સીમાપુરીમાં ૭ બ્લોક છે. પછીના થોડાક મહિનાઓ દરમ્યાન 'પરિવર્તન'ના કાર્યકરોએ દરેક બ્લોકની મુલાકાત લીધી અને ગીતો ગાઈને લોકોની સભાઓ કરી. આ બેઠકોમાં જે વિગતો જાહેર કરી. દરેક કામ પાછળ જે નાણાં ખર્ચાયાં હતાં તેની વિગતો પણ જાહેર કરી. લોકોને એ વિગતો જાણીને આઘાત લાગ્યો. આ જાહેર સભાઓમાં એ વાત બહાર આવી કે અનેક કામો અધૂરાં હતાં અને થયેલાં કામોની ગુણવત્તા પણ ખૂબ ખરાબ હતી.

વિસ્તારના રહીશો સાથે જ કામનાં સ્થળોની મુલાકાત લેવામાં આવી. તેનાથી કાગળ ઉપર જે લખવામાં આવ્યું છે તે અને ખરેખર જે થયું છે તે, એ બંને વચ્ચેનો તફાવત બહાર આવ્યો. આવી જાહેર સભાઓને પરિણામે લોકોનો રોષ ભભૂકી ઊઠ્યો અને બધાનો અવાજ સામૂહિક રીતે વ્યક્ત થાય તે માટેના મંચની જરૂર પડી.

તા.૧૪-૧૨-૨૦૦૨ના રોજ 'પરિવર્તન' દ્વારા સુંદરનગરી ખાતે રાજસ્થાનના 'મજદૂર કિસાન શક્તિ સંગઠન' (એમકેએસએસ) અને 'રાષ્ટ્રીય લોક માહિતી અધિકાર ઝુંબેશ' (એન.સી.પી.આર.આઈ.) સાથે મળીને એક જનસુનાવણીનું આયોજન કરવામાં આવ્યું. તેમાં એ વિસ્તારના લગભગ ૧૦૦૦ લોકો હાજર રહ્યા.

ઉપરાંત, ન્યાયમૂર્તિ પી. બી. સાવંત, અરુણા રોય, પ્રભાસ જોષી, વિનોદ મહેતા, ભરત ડોગરા, શેખરસિંહ, અરુંધતી રોય અને હર્ષ મંદર જેવી જાણીતી વ્યક્તિઓ પણ ઉપસ્થિત રહી. આ જાહેર સુનાવણીમાં કોન્ટ્રેક્ટ વાંચી સંભળાવવામાં આવ્યા અને સ્થાનિક રહીશોએ એ કરારો મુજબ કામો થયાં છે કે નહિ તે જણાવ્યું. અને જો કરારો મુજબ કામો થયાં હોય તો પણ તે કામો પૂરાં થયાં છે કે નહિ તે પણ જણાવાયું.

જનસુનાવણીમાં ૬૮ કામોનું અન્વેષણ કરવામાં આવ્યું અને તેમને વિશે ચર્ચા કરવામાં આવી. ૬૪ કામોમાં જે નાણાકીય ગેરરીતિઓ આચરવામાં આવી હતી તેની ગણતરી કરવામાં આવી તો ખબર પડી કે એ રકમ રૂ. ૧.૩ કરોડ જેટલી થઈ. રૂ. ૭૦ લાખનાં ૬૪ કામોમાં તો એમ જણાયું કે એ કામોનું ભૌતિક રીતે અસ્તિત્વ જ નહોતું.

જનસુનાવણીએ કઈ હદ સુધી ગેરરીતિ થઈ છે તે દર્શાવ્યું અને સાથે સાથે કેટલી તાકીદતાથી આ પ્રશ્ન હાથ ધરવાની જરૂર છે તે પણ દર્શાવાયું. તેણે એમ પણ દર્શાવ્યું કે નાણાંની તંગીને કારણે નહિ પણ

## સામાજિક અન્વેષણ એટલે શું?

ભારત એક લોકશાહી દેશ છે. લોકો જ ખરા માલિકો છે. સરકાર લોકોની સેવા કરવા માટે છે. કોઈ પણ માલિકની એ એક પ્રાથમિક ફરજ છે કે તે તેના નોકર પાસેથી નિયમિતપણે હિસાબ માગે અને નોકરને ઉત્તરદાયી બનાવે. સામાજિક અન્વેષણ (સોશ્યલ ઓડિટ) અથવા જાહેર અન્વેષણ ( પબ્લિક ઓડિટ) એ એક એ દિશાનું પગલું છે.

સરકારી ખાતા દ્વારા હાથ ધરવામાં આવેલાં કામો અંગેની અથવા ખાતા દ્વારા કઈ રીતે નાણાં વાપરવામાં આવ્યાં છે તે અંગેની વિગતો માહિતીનો અધિકાર વાપરીને માગો. આ માહિતી એવા દસ્તાવેજોમાં હોય છે કે જે વાસ્તવિક પરિસ્થિતિ બતાવે છે. આ એક સામાજિક અન્વેષણ છે અથવા તો જાહેર અન્વેષણ છે.

સરકારને ઉત્તરદાયી બનાવવા માટેનું આ એક ઘણું જ મહત્ત્વનું સાધન છે. જાહેર અન્વેષણની કોઈ કાનૂની માન્યતા હોતી નથી. જાહેર અન્વેષણ દ્વારા જે તારણો નીકળે તે કોઈ કાનૂન હેઠળ પુરાવા તરીકે સ્વીકાર્ય નથી. જો કે, જાહેર અન્વેષણ રાજકીય વ્યવસ્થા ઉપર સુધારાત્મક પગલાં લેવાનું ભારે દબાણ ઊભું કરે છે.

નાણાકીય ગેરરીતિઓને કારણે જ વિકાસ થતો નથી. જનસુનાવણીની અસરો સમાજના પાંચ વર્ગો પર જોઈ શકાય અને તેમનું વિશ્લેષણ કરી શકાયઃ સ્થાનિક વહીવટી તંત્ર, સ્થાનિક રાજકારણીઓ, લોકો, સ્થાનિક કોન્ટ્રેક્ટરો અને દિલ્લીનું વહીવટી તંત્ર.

## જનસુનાવણીની અસરો

### ૧. ભલામણોનો સ્વીકાર

‘પરિવર્તન’ દ્વારા દિલ્લી સરકારને અને દિલ્લીની મહાનગરપાલિકાને કામોનો અમલ એ રીતે કરવાની ભલામણ કરાઈ કે જેથી ભ્રષ્ટાચાર ઘટે. નીચે મુજબની ભલામણો મહાનગરપાલિકાએ સ્વીકારી અને એ માટેના હુકમો જારી કરવામાં આવ્યાઃ

(૧) કામનું નામ, કોન્ટ્રેક્ટરનું નામ, મંજૂર થયેલી રકમ, કામ શરૂ થયાની અને પૂરું થયાની તારીખ વગેરે બાબતો દરેક કામના સ્થળે જણાવવી.

(૨) ત્રણ માસના ગાળા દરમ્યાન પૂરાં થયેલાં તમામ કામોની યાદી તમામ વિભાગીય કચેરીઓના બોર્ડ ઉપર મૂકવી.

(૩) જે વિસ્તારમાં કામ ચાલુ હોય તેના કોન્ટ્રેક્ટની નકલો એ વિસ્તારના મહાનગરપાલિકાના સ્ટોરની દિવાલો ઉપર લગાવવી.

વધુમાં, મુખ્ય સચિવે એવા પણ હુકમો કર્યા કે દિલ્લી સરકારનાં તમામ ખાતાંએ જાતે જ આવી જનસુનાવણીઓ હાથ ધરવી. દિલ્લી સરકાર દ્વારા એવા હુકમો પણ જારી કરાયા કે જે ખાતાનું કામ ચાલતું હોય એ ખાતાએ એ કામની વિગતો એ વિસ્તારની અગત્યની દિવાલ પર લખવી. જો કે, લોકોમાં આ હુકમો વિશેની જાણકારી બહુ ઓછી હોય છે. જ્યાં પણ તે લોકોની જાણમાં છે ત્યાં લોકોએ તેના અમલની માગણી કરી છે અને અમલ થયો છે.

### ૨. સ્થાનિક લોકો પરની અસરો

જનસુનાવણી પહેલાં યોજાયેલી જાહેર સભાઓમાં લોકોએ સાંભળ્યું કે તેમના વિસ્તારોમાં વિકાસનાં કામો પર આટલા બધા પૈસા ખર્ચાયા છે અને હકીકતમાં બહુ ઓછાં કામો થયાં છે. કેટલાક વિસ્તારોમાં તો લોકો કેટલાંય વર્ષોથી આ કામો થાય તે માટે દર દર ભટકતા હતા. જ્યારે એ કામો કાગળ ઉપર થઈ ગયાં છે એવી તેમને ખબર પડી ત્યારે તેમને ભારે આઘાત લાગ્યો.

જે લોકો જુદા જુદા રાજકીય પક્ષોના ટેકેદારો હતા તેમને તો રાજકારણ વ્યર્થ હોવાનું લાગ્યું. આ ઝુંબેશને પરિણામે સમુદાયમાં અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ. લોકોએ ભૂતિયાં કામો કે અધૂરાં કામો અંગે ભારે આઘાત વ્યક્ત કર્યો. બધે જ એવી માગણી ઊભી થઈ કે સામૂહિક રીતે તેમનો અવાજ ઊભો થાય તે માટે કોઈક મંચ હોવો જોઈએ. અહીં ‘મજદૂર કિસાન શક્તિ સંગઠન’ નો અનુભવ મજબૂત અને ઉપયોગી સાબિત થયો. તેના અનુભવને આધારે જ જનસુનાવણી યોજવાનું નક્કી થયું હતું.

જનસુનાવણીમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. દરેક કરાર વાંચી સંભળાવવામાં આવ્યો અને લોકોને કરારના અમલ વિશેની વિગતો આપવાનું જણાવવામાં આવ્યું હતું. લોકોએ અને ખાસ કરીને મહિલાઓએ નિર્ભયપણે વિગતો આપી. સ્થાનિક ધારાસભ્યના માણસોએ ત્રણ વખત એ કાર્યવાહીમાં વિક્ષેપ ઊભો કરવાનો પ્રયત્ન કર્યો. જો કે, આ પ્રક્રિયાને લોકોનો ટેકો એટલો જબરજસ્ત હતો કે તેઓ પછી સ્થળ છોડીને જતા રહ્યા હતા. પછીથી મહિલાઓએ એ માણસોના આ પ્રયાસની સખત ટીકા કરી હતી.

જનસુનાવણીની સુંદરનગરી અને સીમાપુરીના લોકોના માનસ ઉપર જબરજસ્ત અસર પડી. તેમણે પહેલી જ વાર સરકારને જવાબદાર ઠેરવી શકાય એ જોયું. બધાની હાજરીમાં આવી પારદર્શી રીતે એ

થઈ શકે એ પણ જોયું. જનસુનાવણી પહેલાં લોકો વહીવટી ઈજનેર જેવા અધિકારીઓ અને ધારાસભ્ય જેવા પ્રતિનિધિઓ સામે ભાગ્યે જ કશું બોલતા હતા. પણ જનસુનાવણીમાં એ ચુપ્પી તૂટી.

જનસુનાવણી પછી તરત જ સુંદરનગરીના દરેક બ્લોકમાં મોહલ્લા સમિતિની રચના થઈ. તેમાં દરેક શેરીના પ્રતિનિધિઓ હતા. થોડા મહિના સુધી આ સમિતિઓએ પોતાને ત્યાં થતાં કોઈ પણ બાંધકામ ઉપર દેખરેખ રાખી. કરારની વિગતો જાહેર ન થાય ત્યાં સુધી તેમણે કોઈ કામ થવા જ ન દીધું. આ અંગેનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છે:

**(૧) રસ્તાનું ફરી બાંધકામઃ**

સુંદરનગરીમાં એફ-૧ બ્લોકમાં રસ્તો ફરી બાંધવાનો હતો. જાન્યુઆરી-૨૦૦૩માં કામ શરૂ થયું હતું. લોકોએ એ કામ અટકાવ્યું અને કરારની વિગતો જાણવા માગી. બીજે દિવસે મદદનીશ ઈજનેર મુલાકાતે આવ્યા અને કરારની વિગતો લોકો સમક્ષ વાંચી સંભળાવી. લોકોને એવી માહિતી આપવામાં આવી કે ૫૮ પીપ ડામર, બે ટ્રક રેતી અને બે ટ્રક પથ્થરનો ઉપયોગ થશે. એટલે લોકોએ એ ધ્યાનમાં રાખ્યું કે ખરેખર તેટલી સામગ્રી વપરાય. પછી રસ્તો બની ગયો અને તેની ગુણવત્તા સુંદરનગરીના બીજા બધા રસ્તા કરતાં સારી છે.

**(૨) નાના રસ્તાનું બાંધકામઃ**

ઈ-૫૭ બ્લોકમાં એક નાનો રસ્તો બનાવવાનો હતો. લોકો જોઈ રહ્યા હતા કે લાલ જાડી રેતીને બદલે સામાન્ય રેતી વપરાઈ રહી છે. સિમેન્ટ અને રેતી વચ્ચે ૧:૨નું પ્રમાણ હતું. જો કે, વાસ્તવમાં તે ૧:૨૦ રખાતું હતું. લોકોએ તરત જ કામ અટકાવ્યું. કોન્ટ્રેક્ટર અને જુનિયર ઈજનેરને લોકોએ સ્થળ પર બોલાવ્યા. બંને લોકોને કરગર્યા અને માફી માગી અને બધી સામગ્રી નવેસરથી વાપરવાની તૈયારી બતાવી. પરંતુ લોકો જુનિયર ઈજનેરને તત્કાળ સસ્પેન્ડ કરવામાં આવે તેવી માગણી કરી. કાર્યપાલક ઈજનેરે માફી માગી અને લોકોને જુનિયર ઈજનેરને માફ કરવા વિનંતી કરી.

તેણે એવી પણ ખાતરી આપી કે તેઓ એ સમગ્ર કામ ફરીથી કરાવશે. પણ લોકો નમ્યા નહિ. એટલે જુનિયાર ઈજનેર લોકો સમક્ષ રડવા માંડ્યા અને પગે પડ્યા. એ સમયે લોકો પીગળ્યા. જો તેમની બદલી થઈ જાય તો જ તેઓ તેમને માફ કરશે એમ લોકોએ જણાવ્યું. વળી, કરારની નકલ લોકોને આપવામાં આવે અને લોકોની દેખરેખ હેઠળ કામ થાય તેવી શરત પણ મુકાઈ. પછી બધી જ સામગ્રી બદલાઈ અને લોકોની દેખરેખ હેઠળ કામ થયું. જુનિયર ઈજનેરની બદલી પણ થઈ.

**(૩) રસ્તાનું સમારકામઃ**

સુંદરનગરીના ઓ બ્લોકમાં ફેબ્રુઆરી-૨૦૦૩માં નાના રસ્તાનું સમારકામ શરૂ થયું હતું. લોકોને ખબર પડી કે થોડા મહિનામાં ગટરલાઈન નાખવાનું કામ શરૂ થવાનું છે, એટલે રસ્તા તૂટવાના જ છે. જો અત્યારે રસ્તા બનાવાશે તો એ બધા તૂટશે જ અને એ રીતે જાહેર નાણાંનો વ્યય થશે. લોકોએ ગટરલાઈન નખાઈ જાય ત્યાં સુધી કામ અટકાવ્યું. કાર્યપાલક ઈજનેરે લોકોના દબાણને વશ થવું પડ્યું.

**(૪) ગટરલાઈનઃ**

સુંદરનગરીના એમ બ્લોકમાં ગટરલાઈન નખાઈ રહી હતી. જો કે, લોકોએ જોયું કે હલકા પ્રકારની સામગ્રી વાપરવામાં આવી રહી છે. તેમણે કામકાજ અટકાવ્યું અને કોન્ટ્રેક્ટની નકલ માગી. તેની નકલ મળી પછી નવી સામગ્રી નખાઈ અને કામકાજ પૂરું થયું.

બંને વિસ્તારોનાં આવાં અનેક ઉદાહરણો છે. આ પ્રક્રિયા દરમ્યાન એમ પણ જાણવા મળ્યું કે અનેક કામો નકામાં થયાં છે અને લોકોને તેમનો કોઈ ઉપયોગ નથી. એ એક અગત્યની બાબત છે કે વિસ્તારમાં કયાં કામો હાથ ધરાવાં જોઈએ તેને વિશે લોકોએ જાગૃતિ બતાવી

### જનસુનાવણી એટલે શું?

જાહેર અન્વેષણનાં તારણોનો ઉપયોગ અનેક રીતોએ થઈ શકે. સમુદાય અને હિતધારકોની હાજરીમાં એટલે કે જાહેરસભામાં તેનાં તારણો રજૂ થઈ શકે અને તેમની ચર્ચા થઈ શકે. આવી જાહેર સભાઓને કે બેઠકોને જનસુનાવણી તરીકે ઓળખવામાં આવે છે.

સત્તાવાર દસ્તાવેજોમાં જે માહિતી પડેલી છે તે આ સભામાં લોકો સમક્ષ વાંચવામાં આવે છે અને લોકો સૌ સમક્ષ એ માહિતી સાચી છે કે નહિ તે જણાવે છે. આ સભાની કાર્યવાહી સંપૂર્ણ પારદર્શિતાથી ચાલે છે. જૂઠું બોલવાની તક કોઈને પણ માટે બહુ જ ઓછી હોય છે કારણ કે એ સમયે સંબંધિત તમામ પક્ષો હાજર હોય છે. અને જો કોઈ પણ વ્યક્તિ કંઈ પણ ખોટું બોલે તો બીજાઓ તરત જ તેનો પ્રતિકાર કરે છે.

## જનસુનાવણીનાં તારણો

‘પરિવર્તન’ દ્વારા હાથ ધરાયેલી પ્રથમ જનસુનાવણીમાં આ બન્ને વિસ્તારોનાં બાંધકામોમાં ગેરરીતિઓની જે વિગતો બહાર આવી તે આ મુજબ છેઃ

**(૧) હેન્ડપંપઃ**
૧૦ કરારો હેઠળ ઈલેક્ટ્રિક મોટરો સાથે ૨૯ હેન્ડપંપ નાખવાના હતા. જો કે, રહીશોએ જણાવ્યું કે માત્ર ૧૪ હેન્ડપંપ જ નાખવામાં આવ્યા હતા. બાકીના હેન્ડપંપ નાખવામાં આવ્યા જ નહોતા. એને પરિણામે થયેલું નુકસાન રૂ. ૭,૮૫,૯૬૫ અંદાજવામાં આવ્યું હતું.

**(૨) નવો રસ્તોઃ**
જ્યારે જ્યારે પણ નવો રસ્તો બનાવવામાં આવે છે ત્યારે ત્યારે રસ્તાની નીચેની ગટરો ઉપર લોખંડનું નવું ગ્રેટિંગ પણ મૂકવામાં આવે છે. આવા ૨૫૩ ગ્રેટિંગ માટે ચુકવણી થઈ હતી. તેનું વજન ૨૭,૫૫૭ કિગ્રા હતું.

**(૩) ગટરોને તોડવાનું કામઃ**
જ્યારે જ્યારે પણ નવો રસ્તો બનાવવામાં આવે છે ત્યારે રસ્તાની બંને બાજુની ગટરો તોડવામાં આવે છે અને નવેસરથી બનાવવામાં આવે છે. જો કે, એવું ભાગ્યે જ કરવામાં આવે છે. કાં તો, કોઈ કામ કરવામાં આવતું નથી અથવા તો હાલની ગટરોનું સ્તર એક ઈંટ જેટલું ઊંચું લાવવામાં આવે છે.

કુલ ૩૫ કિસ્સા તપાસવામાં આવ્યા અને તેમાં જણાયું કે દિલ્લી મહાનગરપાલિકાએ તે તમામ માટે નાણાંની ચુકવણી કરી દીધી હતી. જો કે, કોઈ પણ કિસ્સામાં નવી ગટર બનાવવામાં આવી નહોતી. ૧૯ કિસ્સામાં ગટરનું સ્તર એક ઈંટ ઊંચું લાવવામાં આવ્યું હતું અને બાકીના કિસ્સામાં કોઈ કામ કરવામાં આવ્યું નહોતું. તેને પરિણામે થયેલું નુકસાન રૂ. ૧૩,૮૫,૧૭૫ જેટલું અંદાજવામાં આવ્યું.

**(૪) રસ્તા પર સિમેન્ટ કોંક્રિટનું સ્તરઃ**
બિલો મુજબ રસ્તામાં સિમેન્ટ કોંક્રિટનું સ્તર ૧૦ સે.મી. હોવું જોઈએ. જો કે, મોટા ભાગના કિસ્સામાં આ જાડાઈ ૫ સે.મી. જેટલી જ હતી. રસ્તો ખોદીને તે જોવામાં આવી હતી. કરારોમાં આ બાબત સૌથી વધુ ખર્ચાળ હોય છે. આને પરિણામે રૂ. ૮,૩૩,૯૩૫નું નુકસાન થયાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.

**(૫) કાગળ પર રસ્તાઃ**
કેટલાક રસ્તા તો એવા હતા કે જે માત્ર કાગળ ઉપર જ અસ્તિત્વમાં હતા. એ વિસ્તારોના રહીશોએ જણાવ્યું કે એ રસ્તા બાંધવામાં આવ્યા જ નહોતા. કેટલાક કિસ્સામાં થયેલા કામ કરતાં વધારે કામ કોન્ટ્રેક્ટરો દ્વારા જણાવવામાં આવ્યું હતું. એને લીધે રૂ. ૧૨,૯૨,૩૯૮નું નુકસાન થયાનો અંદાજ છે.

**(૬) બે વખત ચુકવણીઃ**
બે કિસ્સામાં એમ જણાયું કે એક જ કામ માટે બે વખત પૈસા ચૂકવવામાં આવ્યા હતા.

**(૭) પથ્થરનાં સ્તરઃ**
રસ્તો બાંધવામાં આવે ત્યારે સૌથી નીચે પથ્થરનાં બે સ્તર બનાવવાં જોઈએ. તેને બદલે માત્ર એક જ સ્તર ૮માંથી ૬ રસ્તામાં બનાવવામાં આવ્યું હતું. બીજા બે કિસ્સામાં તો પથરા નાખવામાં જ આવ્યા જ નહોતા.

અને તેઓ નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થયા. તેમણે એ કામો ઉપર દેખરેખ પણ રાખી. પૈસાના યોગ્ય ઉપયોગના સંદર્ભમાં આ પ્રક્રિયા દૂરગામી પરિણામો લાવશે.

### ૩. સ્થાનિક રાજકીય નેતાઓ પરની અસરો

જ્યારે ‘પરિવર્તન’ દ્વારા શેરીઓમાં સભા યોજવામાં આવતી હતી ત્યારે સ્થાનિક ધારાસભ્યે સમાંતર સભાઓ યોજવાની શરૂઆત કરી. એ સભાઓમાં તેમણે ‘પરિવર્તન’ની સખત ટીકા કરી. તેમણે એવો આક્ષેપ કર્યો કે ‘પરિવર્તન’ દ્વારા તેમની પાસે રૂ. ૩ લાખની માગણી કરવામાં આવી હતી અને જ્યારે એ ન અપાયા ત્યારે તેણે તેમની છાપ બગાડવાનો પ્રયાસ શરૂ કર્યો. એ એક નરદમ જૂઠાણું હતું. ‘પરિવર્તન’માંથી કોઈ વ્યક્તિ કદી તેમને રૂબરૂ મળી નહોતી. વળી, કદી પણ તેમની કે તેમના પક્ષની આ સભાઓમાં ‘પરિવર્તન’ દ્વારા ટીકા પણ કરવામાં આવી નહોતી.

ધીમે ધીમે આ આક્ષેપોએ ધમકીનું સ્વરૂપ લેવા માંડ્યું. કેટલાક લોકોએ એવી માહિતી આપી કે 'પરિવર્તન'ના કાર્યકરોનું અપહરણ કરવાની કે પોલિસ તેમના પર ખોટા આરોપો મૂકીને તેમને હેરાન કરે તેવી યોજનાઓ ઘડાઈ રહી છે. જો કે, એવું કશું જ બન્યું નહિ. જે લોકો ખુલ્લંખુલ્લા 'પરિવર્તન'ના ટેકામાં બહાર આવ્યા હતા એવા સ્થાનિક લોકો ઉપર પણ દબાણો આવ્યાં. તેઓ 'પરિવર્તન'ને સમર્થન ન આપે એમ પણ તેમને જણાવાયું. કેટલાક સ્થાનિક લોકોએ 'પરિવર્તન'ને જાહેર સભાઓ યોજવામાં મદદ કરી હતી. તેમના ઉપર પણ દબાણ આવ્યું અને જાહેર સભાઓ રદ કરવા કહેવામાં આવ્યું. આવી ઘણી સભાઓ રદ પણ થઈ હતી.

જનસુનાવણીના બે દિવસ પહેલાં 'પરિવર્તન'ના કાર્યકરો સ્થાનિક ધારાસભ્યને નિમંત્રણ આપવા ગયા. તેઓ પહેલી જ વાર તેમને રૂબરૂ મળ્યા હતા. ધારાસભ્યે તરત જ બૂમાબૂમ શરૂ કરી દીધી અને કહ્યું કે 'પરિવર્તન'ના કાર્યકરો તો દલાલો છે કે જેઓ વીજળી ખાતા અને અન્ન ખાતા વગેરેના અધિકારીઓ પાસેથી પૈસા ઉઘરાવે છે. તેમણે 'પરિવર્તન'ને મળતા પૈસા ક્યાંથી આવે છે એવો સવાલ પણ ઉઠાવ્યો. તેમણે એવો પડકાર પણ ફેંક્યો કે તેઓ તેમના વિસ્તારમાં જનસુનાવણી નહિ થવા દે. 'પરિવર્તન'ના કાર્યકરોએ તેમને શાંતિથી કહ્યું કે જનસુનાવણી તો યોજાશે જ, પણ જો તેમને 'પરિવર્તન'ની કામગીરી કે તેના પૈસા વિશે વાંધો હોય તો તે કોઈ પણ પ્રકારની જાહેર તપાસ માટે ગમે ત્યારે તૈયાર છે. છેવટે તેઓ જનસુનાવણીમાં હાજર રહેવા માટે સંમત થયા.

જનસુનાવણીમાં તેઓ તેમના આશરે ૪૦ માણસો સાથે આવ્યા. તેમણે ત્રણ વાર વિક્ષેપ ઊભો કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ લોકોનો ટેકો એટલો મોટો હતો કે જ્યારે તેમણે ત્રીજી વખત વિક્ષેપ નાખવાનો પ્રયાસ કર્યો ત્યારે બધા જ હાજર લોકો ઊભા થઈ ગયા. કશો અનિચ્છનીય બનાવ બને તે પહેલાં ધારાસભ્ય અને તેમના ટેકેદારો સ્થળ છોડીને જતા રહ્યા.

બે મહિના પછી ધારાસભ્યની ઓફિસમાંથી 'પરિવર્તન' પર ફોન આવ્યો અને કહ્યું કે ધારાસભ્ય 'પરિવર્તન'ના કાર્યકરો સાથે ભોજન લેવા માગે છે. 'પરિવર્તન' દ્વારા વિનમ્રભાવે ના પાડવામાં આવી પણ બીજે દિવસે તેમની ઓફિસમાં તેમના મળવા માટે સંમતિ આપી. ધારાસભ્યના મદદનીશે એમ કહ્યું કે માત્ર બે જ કાર્યકરો આવે કારણ કે તેઓ ખાનગી વાત કરવા માગે છે.

જો કે, 'પરિવર્તન' દ્વારા એવો આગ્રહ રાખવામાં આવ્યો કે સ્થાનિક સમુદાયના કેટલાક લોકો સહિતના ૧૦ લોકો તો આવશે જ, કે જેથી વાતચીત ખુલ્લી અને પારદર્શી બને. છેવટે ૧૦ જણા તેમની ઓફિસે સાંજે ૬.૦૦ વાગ્યે પહોંચ્યા. તેઓ ત્યાં બે હાથ જોડીને ઊભા હતા અને કહી રહ્યા હતા કે 'પરિવર્તન'એ તેમની રાજકીય કારકિર્દી ધૂળમાં નાખી છે. ચૂંટણી માત્ર છ મહિના જ દૂર હતી તેથી તેમણે 'પરિવર્તન'ને આગામી છ માસ સુધી એ વિસ્તાર છોડી દેવા કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે તેઓ જો ચૂંટણી જીતી જાય તો એ પછી 'પરિવર્તન' જે કહેશે તે પગલાં લેવા તેઓ તૈયાર છે.

'પરિવર્તન'ના કાર્યકરોએ કહ્યું કે તેમણે કદી પણ તેમની કે તેમના પક્ષની ટીકા કરી નથી. લોકોની માત્ર એક જ માગણી છે કે કોન્ટ્રેક્ટની નકલ જાહેર કરવી જોઈએ અને કોઈ પણ બાંધકામ શરૂ થાય તે પહેલાં તેનું લોકોમાં વિતરણ થવું જોઈએ. 'પરિવર્તન'ના કાર્યકરોએ કહ્યું કે જો તેઓ આ માંગ સ્વીકારશે તો 'પરિવર્તન' પોતે જાહેરમાં તેમનાં વખાણ કરશે.

જો કે, ધારાસભ્યે તે માંગ સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તેમના મતે રૂ. ૨.૫ કરોડનું કામ સુંદરનગરીમાં બાકી પડી રહ્યું છે અને કોઈ કોન્ટ્રેક્ટર કામ કરવા માટે તૈયાર નથી. જ્યાં પણ કોન્ટ્રેક્ટર કામ કરવા ગયા ત્યાં લોકોએ તેમને અટકાવ્યા અને તેમણે પહેલાં કોન્ટ્રેક્ટની નકલો માગી હતી. તેમણે કહ્યું કે કામ પૂરું ના થાય ત્યાં સુધી કોન્ટ્રેક્ટરો કોન્ટ્રેક્ટની નકલ નહિ આપે કારણ કે તેનાથી તેમના નફા પર વિપરીત અસર થાય છે. તેમણે એ બાબત સ્વીકારી કે કોન્ટ્રેક્ટરો ભ્રષ્ટ છે પણ જો આ રીતે કામ અટકાવવામાં આવશે તો બધાં નાણાં વપરાયા વિના પડી રહેશે અને પાછાં જતાં રહેશે.

આ સ્થિતિ 'પરિવર્તન' અને સ્થાનિક લોકોને સ્વીકાર્ય નહોતી. તેમની સમક્ષ એ સ્પષ્ટ કરવામાં આવ્યું કે જો કોન્ટ્રેક્ટરો બ્લેકમેલ કરવા માગતા હોય કે તેમને ભ્રષ્ટાચાર નહિ કરવા દેવામાં આવે તો કામ નહિ થાય, તો ભલે કામ ના થાય.

પછી એક મહિના સુધી સુંદરનગરીના લોકોએ લગભગ બધાં કામો અટકાવી દીધાં. છેવટે માર્ચના છેલ્લા સપ્તાહમાં ધારાસભ્યના ભાઈ 'પરિવર્તન'ની ઓફિસે આવ્યા અને કોન્ટ્રેક્ટ્સ જાહેર કરવા સંમત થયા. પરંતુ તેમણે કહ્યું કે જાહેરમાં કોન્ટ્રેક્ટની વિગતો વાંચવામાં આવશે અને કોન્ટ્રેક્ટની નકલો 'પરિવર્તન'ના કાર્યકરો નહિ પણ ધારાસભ્યના માણસો લોકોને આપશે. 'પરિવર્તન'ને તેની સામે કોઈ વાંધો નહોતો. દરમ્યાન, દિલ્લીની રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાએ એવા હુકમો જારી કર્યા કે કોઈ પણ પ્રકારનું બાંધકામ હાથ ધરવામાં આવે તે પહેલાં તેના કોન્ટ્રેક્ટની નકલો જાહેર કરવામાં આવશે.

### ૪. સ્થાનિક અમલદારો પરની અસર

મહાનગરપાલિકાની સ્થાનિક વિભાગીય કચેરીના ઈજનેરોએ માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી પૂરી પાડવા આડે અનેક રોડા નાખ્યા હતા. લગભગ ચાર મહિના સુધી સતત પ્રયાસ કરાયો ત્યારે માહિતી મળી હતી. જો કે, તેઓ હંમેશાં વિનમ્રભાવે વાત કરતા હતા અને મૌખિક રીતે તમામ સહકાર આપતા હતા, પરંતુ વ્યવહારમાં જનસુનાવણી પહેલાં તેમના તરફથી ભાગ્યે જ કશો સહકાર પ્રાપ્ત થયો હતો.

જનસુનાવણીના થોડા દિવસ પહેલાં 'પરિવર્તન' દ્વારા વિવિધ કામોમાં મળી આવેલી ખામીઓ વિશે ઈજનેરોના અભિપ્રાય મેળવવાનો સતત પ્રયાસ કરાયો હતો. તેમણે સતત એવું વચન આપ્યા કર્યું હતું કે તેઓ કામોનું સંયુક્ત નિરીક્ષણ કરશે, પરંતુ તેમણે તેમ કર્યું નહોતું.

જનસુનાવણી દરમ્યાન કાર્યપાલક ઈજનેરે એવો આક્ષેપ કર્યો કે 'પરિવર્તન' તેમના ખાતા સામે ખોટા આક્ષેપો કરી રહી છે. તેમણે કહ્યું કે 'પરિવર્તન' દ્વારા તેમને કદી પણ કામોમાંની ખામીઓ વિશે કશું કહેવામાં આવ્યું જ નહોતું, અને હવે જાહેરમાં ધમપછાડા કરે છે. જો કે, જનસુનાવણીના પાછલા તબક્કામાં તેમણે માત્ર એટલું જ કહ્યું કે સ્થળની મુલાકાત લીધા વિના તેઓ કશું જ નહિ કહે.

જનસુનાવણી પછી અનેક સ્થળોની મુલાકાત 'પરિવર્તન'ના કાર્યકરો અને દિલ્લી મહાનગરપાલિકાના ઈજનેરોએ સંયુક્ત રીતે લીધી. ઈજનેરોએ આ તપાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો. જો કે, તેમણે મોટા ભાગની ખામીઓ અંગે ઊડાઉ ખુલાસાઓ આપ્યા.

જનસુનાવણી પછી લોકો પ્રત્યેના તેમના વલણમાં નોંધપાત્ર ફેરફાર થયો. અધિકારીઓ લોકો સાથેના તેમના વ્યવહારમાં ઘણા પ્રતિભાવાત્મક હતા અને સૌજન્યપૂર્ણ વ્યવહાર કરતા હતા. હવે જ્યારે સુંદરનગરી કે ન્યૂ સીમાપુરીની કોઈ વ્યક્તિ તેમની સમક્ષ વાત કરવા જાય ત્યારે તેઓ તેની ફરિયાદ સાંભળતા હતા અને તે ઉકેલવાનો પ્રયત્ન કરતા હતા. લોકોને જ્યારે જરૂર પડી ત્યારે અને લોકોએ જ્યારે માગણી કરી ત્યારે કાર્યપાલક ઈજનેરે પોતે સ્થળની મુલાકાત લીધી. જ્યારે પણ લોકોએ કોઈ કામ અટકાવ્યું અને કરારની વિગતો જાણવા માગી ત્યારે તેમણે સ્થળ પર તેમના અધિકારીઓને મોકલ્યા અને કરારની તમામ વિગતો તેમણે જાહેરમાં વાંચી સંભળાવી.

જનસુનાવણી બાદ અધિકારીઓને એ વાત સમજાઈ કે લોકો ગમે ત્યારે દસ્તાવેજોની ચકાસણી કરી શકે છે અને નાણાંની ઉચાપત કરવાનું તેમને માટે આસાન નહિ હોય. જનસુનાવણી પછી જે કંઈ પરિણામો આવશે તેનાથી અધિકારીઓ ગભરાતા હતા કારણ કે આ સામાજિક અન્વેષણનો અહેવાલ સરકારને સુપરત થઈ ચૂક્યો હતો.

## દિલ્લીની વડી અદાલતનો આદેશ

સામાજિક અન્વેષણ દરમ્યાન જે ખામીઓ નજરે પડી તેનો વિગતવાર અહેવાલ મુખ્ય પ્રધાન, મુખ્ય સચિવ, મ્યુનિસિપલ કમિશનર, વહીવટી સુધારાના સચિવ અને દિલ્લી પોલિસની ભ્રષ્ટાચાર-વિરોધી શાખાને મોકલવામાં આવી હતી. જો કે, તેમના દ્વારા કોઈ પગલાં લેવાયાં નહિ. મે-૨૦૦૪માં 'પરિવર્તન' દ્વારા કરાયેલી એક અરજીને આધારે દિલ્લીની વડી અદાલતે દિલ્લી પોલિસને ભ્રષ્ટાચારના એ તમામ આક્ષેપોમાં તપાસ કરવાનો અને છ માસમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમક્ષ અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો. અદાલતે એવો આદેશ પણ આપ્યો કે એસીપીથી નીચલી કક્ષાના કોઈ અધિકારી દ્વારા તપાસ ન થવી જોઈએ. સુનાવણી દરમ્યાન દિલ્લી મહાનગરપાલિકાએ એમ કહ્યું કે તેમણે તપાસ કરી જ છે અને એ તમામ આક્ષેપો બિન-પાયાદાર જણાયા છે. પરંતુ અદાલતે એમ કહ્યું કે ચોર પોતે જ તપાસ કરે એવું કેમ ચાલે?

## નગરસેવક દ્વારા પારદર્શિતા માટે હિલચાલ

જુનના પ્રથમ સપ્તાહમાં સીમાપુરી વોર્ડના નગરસેવકે અમારો સંપર્ક સાધ્યો અને આ વિસ્તારનાં તમામ બાંધકામોમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવાની ઓફર કરી. તેમણે કહ્યું કે તેમણે એ વિસ્તારના કાર્યપાલક ઈજનેરને તમામ અંદાજો અને સ્કેચની નકલ કોઈ પણ કામ શરૂ થાય તે પહેલાં 'પરિવર્તન'ને આપવાની સૂચના આપી છે. કામ પૂરું થઈ જાય પછી લોકો અને 'પરિવર્તન' કામની તપાસ કરે એ માટે પણ તેમણે ઓફર કરી. જો કોઈ કામમાં વાંધા હોય તો તરત જ તે સુધારવામાં આવશે અને પછી જ કામ માટેની ચુકવણી થશે એમ પણ તેમણે જણાવ્યું. તેમણે એવી માહિતી આપી કે જનસુનાવણીની સમગ્ર પ્રક્રિયા અને વડી અદાલતે આપેલા આદેશની અસર આ વિસ્તારના કોન્ટ્રેક્ટરો અને ઈજનેરો પર પડી છે. તેમના જણાવ્યાનુસાર અદાલતના આદેશ પછી ઈજનેરો અને કોન્ટ્રેક્ટરો તેમના કામનું પોસ્ટમોર્ટમ જનસુનાવણી સ્વરૂપે લોકો દ્વારા થાય તેનાથી ગભરાઈ રહ્યા છે. પોસ્ટમોર્ટમથી પણ કામમાં સુધારો થવાનો અવકાશ ઓછો હોય છે. તેથી નગરસેવકે લોકો અને 'પરિવર્તન' કામ થાય ત્યારે કામમાં ખામીઓ શોધે એ ઈચ્છનીય હોવાનું જણાવ્યું. આ રીતે લોકોએ ઉઠાવેલા વાંધાઓનું સમાધાન ના થાય ત્યાં સુધી કોઈ કામની નાણાકીય ચુકવણી મહાનગરપાલિકા દ્વારા ના થાય તે પણ તેઓ જોશે એમ પણ તેમણે જોયું.

સ્રોતઃ વેબસાઈટઃ www.parivartan.com

# સાંપ્રત પ્રવાહ

## બાળ મજૂરી પર પ્રતિબંધ અને ઝુંબેશ

કેન્દ્ર સરકારે ૧૦-૧૦-૨૦૦૬થી બાળ મજૂરી પ્રતિબંધ અને નિયમન ધારા-૧૯૮૬ અન્વયે ઘરેલૂ કામ, રેસ્ટોરાં અને ચાની કિટલીઓ સહિતની જગ્યાઓ ઉપર બાળ મજૂરી પર પ્રતિબંધ મૂક્યો છે. નાગરિક સમાજ, મજૂર મંડળો અને સ્વૈચ્છિક સંગઠનોનો આ એક નોંધપાત્ર વિજય છે કે જેઓ તમામ પ્રકારની બાળ મજૂરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ આવે તેમ ઈચ્છતાં હતાં. હવે આ સરકારી નિર્ણયનો અમલ થાય તે જરૂરી છે.

'બચપન બચાઓ આંદોલન' અને બીજી અનેક સંસ્થાઓએ છઠ્ઠી ઓક્ટોબરથી 'કામથી શાળાએ' નામે એક માસ લાંબી ઝુંબેશની શરૂઆત આ નિમિત્તે કરી છે. ઘેરે ઘેરે ફરીને આ ઝુંબશે ચલાવવામાં આવશે અને દિલ્લીથી મુંબઈ એક 'મુક્તિ કારવાં' ચલાવાશે. એક વાનમાં લોકકલાકારો પ્રવાસ કરશે અને અનેક ગામો, નગરો અને વસ્તીઓમાં જઈને બાળ મજૂરી ઉપર પ્રતિબંધ મૂકાયો છે તે વિશે જાગૃતિ ફેલાવશે.

૧૦મી ઓક્ટોબરથી બાળ મજૂરી સામે ફરિયાદો એકત્ર કરવાનું કામ પણ કરવામાં આવશે. સરકારી અધિકારીઓને સહકાર આપવામાં આવશે. પણ તેઓને બાળ મજૂરોને મુક્ત કરવા અને તેમનું પુનર્વસન કરવા માટે જવાબદાર બનાવવા ઝુંબેશ ચલાવાશે. દિલ્લીમાં આ ઝુંબેશની શરૂઆત ૦૬-૧૦-૦૬ના રોજ વસંત વિહારના પીવીઆર સિનેમાથી ભૂતપૂર્વ બાળ મજૂરો દ્વારા જ કરાશે. તે સમયે ફિલ્મ નિર્દેશક શ્રી મહેશ ભટ્ટ અને ભૂતપૂર્વ મિસ ઈન્ડિયા ગુલ પનાગ હાજર રહેશે.

## ગ્રામીણ મહિલાઓને 'કચ્છ કૌશલ્યા એવોર્ડ'

સમાજનાં રૂઢિગત માળખાંની બહાર જઈને પોતાના કૌશલ્યને નિખારનાર અને બીજાઓને ઉપયોગી બનવાનો પ્રયત્ન કરનાર ગ્રામીણ નારીઓને 'કચ્છ કૌશલ્યા એવોર્ડ'થી સન્માનિત કરીને કચ્છ મહિલા સંગઠને નવી કેડી કંડારી હતી. આણંદસર વિસ્તારમાં છ દાયકાથી દાયણનું કામ કરતાં સરીફાબાઈ ઈશાક બાફણ (ઉ. વ. ૭૩), નાની અરલમાં સામૂહિક સજીવ ખેતી કરતાં હલીમા ઓસમાણ ફકીર અને પરંપરાગત રિવાજોની ઝંઝીર તોડીને મહિલા અદાકાર માટે સક્રિય બાલુબહેન કે. ચૌહાણ (ભચાઉ)ને 'કચ્છ કૌશલ્યા એવોર્ડ'થી સન્માનિત કરાયાં હતાં. કૌશલ્યા એવોર્ડમાં રૂ. ૧૦,૦૦૦, ટ્રોફી અને પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.

સંગઠન દ્વારા દર વર્ષે એવોર્ડ આપવામાં આવશે. ધાણેટીના પરમામાનું અબડાસામાં ૪૦૦થી વધુ બહેનોને ભરતકામની તાલીમ આપીને પગભર બનાવવા માટે જીવનસિદ્ધિ એવોર્ડથી બહુમાન કરાયું હતું. જ્યુરી કમિટીના સભ્ય સ્વ. પત્રકાર મહિમભાઈ પાંધીની સ્મૃતિમાં બિદડાની ઉત્સાહી સુશ્રી ઉષા સંજોટ (શિક્ષણ)ને ખાસ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

મુક્ત ખયાલો અને ખુલ્લાવટનો માહોલ જ્યાં હજુ નથી પહોંચ્યો એવા પુરુષપ્રધાન ગ્રામીણ સમાજમાં ચીલો ચાતરીને કામ કરી રહેલી વીરાંગનાઓના પ્રયત્નને અને તેને શોધીને એવોર્ડરૂપી પ્રોત્સાહન તથા પ્રેરણાનું ભાથું પૂરું પાડનાર સંગઠનની એવોર્ડ વિતરણ સમારંભમાં ઉપસ્થિત વક્તાઓએ પ્રશંસા કરી હતી.

પાણી પુરવઠા બોર્ડના શ્રી વસંતભાઈ ગઢવીએ મુખ્ય મહેમાનપદેથી સમાજજીવનમાં પરિવર્તન લાવવામાં સ્વૈચ્છિક સંસ્થાઓની ઉપયોગી ભૂમિકાની વાત કરતાં કહ્યું હતું કે કાયદાથી વ્યવસ્થા ફેરવવા જઈએ ત્યારે જોઈએ એવું પરિણામ મળતું નથી. પોતાના અનુભવો દાખલા સાથે ટાંકીને શ્રી ગઢવીએ જણાવ્યું હતું કે કચ્છની બહેનોનો અવાજ હવે સંભળાવા લાગ્યો છે. આ ક્ષેત્રે 'કેએમવીએસ' અને 'અભિયાન'ના યોગદાનને તેમણે બિરદાવ્યું હતું.

વરિષ્ઠ પત્રકાર શીલા ભટ્ટે અગવડ વચ્ચે પણ સમાજ માટે કામ કરનાર બહેનોને પ્રેરણા સમાન લેખાવતાં કહ્યું કે તેમની સહજતા, સમજણ અને પરિપક્વતા સ્પર્શી જાય તેવી છે. શહેરી બહેનોમાં આ બાબત જોવા મળતી નથી. તેમણે એવોર્ડ વિજેતા બહેનોને સલામ કરતાં જણાવ્યું હતું કે પરંપરા તોડે એને સફળતા મળે છે. શીલાબહેન સ્વ. મહિમભાઈને યાદ કરીને કહ્યું કે તેઓ સૂક્ષ્મ નિરીક્ષણ કરનાર ઉમદા પત્રકાર હતા.

નિર્ણાયક સમિતિના સભ્ય સુશ્રી ચંદાબહેન શ્રોફે સન્માનિત બહેનોના કૌશલ્યનો ઉપયોગ સમાજ માટે થાય અને કચ્છ દુનિયામાં વધુ જાણીતું બને એવી શુભેચ્છા પાઠવી હતી. જાણીતાં વસ્તીશાસ્ત્રી ડો.

લીલાબહેન વિસારિયાએ પ્રસૂતિ વખતે માતાના થતા મૃત્યુનો દર ઘટાડવા માટે ગામડાંઓમાં ચાલતી દાયણપ્રથા પર પ્રતિબંધ મૂકવાના થયેલા સૂચનને અયોગ્ય લેખાવતાં જણાવ્યું હતું કે હકીકતમાં દાયણ બહેનોને વધુ તાલીમ આપીને પ્રસૂતિ વખતનાં જોખમ ઘટે એવું આયોજન વિચારવું જોઈએ. 'કચ્છમિત્ર'ના તંત્રી કીર્તિભાઈ ખત્રીએ કચ્છ મહિલા વિકાસ સંગઠન સાચા અર્થમાં ગામડામાં ઊંડે સુધી પહોંચી શક્યું છે તેની નોંધ લેતાં કહ્યું કે સંસ્થાના પાયામાં રહેલાં સુષ્માબહેને કેટલીય ગ્રામીણ નેતાગીરી ઊભી કરી છે એ એક ખૂબી છે.

સંસ્થાના સ્થાપક અને મોવડી સુશ્રી સુષ્મા આયંગરે જણાવ્યું હતું કે નારીમાંથી જુદું કૌશલ્ય બહાર નીકળે ત્યારે નાગરિકત્વમાં પરિપક્વતા આવે છે. કેએમવીએસના સ્થાપનાના ૧૭ વર્ષે એવોર્ડ આપવાની શરૂ થતી પ્રક્રિયાની વાત કરતાં તેમણે કહ્યું કે પોતાનો અધિકાર જતો ન કરવાની સાથે કચ્છની નારી હવે બીજાને અધિકાર અપાવવાનું કૌશલ્ય બજાવતી થઈ એ જ સમાજ માટે શુભચિહ્ન છે. એવોર્ડ વિજેતા બહેનોએ પ્રતિભાવમાં પોતે ખેડેલા સંઘર્ષની વાત કરીને કહ્યું હતું કે આ સન્માનથી તેમને કામ કરવાનું નવું બળ મળશે.

## ગ્રામ વિકાસ પારિતોષિક ૨૦૦૬ અને ગ્રામ સંગઠન પારિતોષિક ૨૦૦૬નું નામાંકન

'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' દ્વારા ગ્રામ વિકાસના ક્ષેત્રે નમૂનારૂપ કામગીરી કરનાર અને અગાઉ કોઈ મહત્ત્વનો જાણીતો એવોર્ડ ન મળ્યો હોય તેવી કાર્યરત સંસ્થા અને વ્યક્તિઓ માટે ગ્રામ વિકાસ પારિતોષિક યોજનાનું આયોજન કરવામાં આવે છે. ૨૦૦૫થી ગ્રામ સંગઠનોની ઉમદા કામગીરીને બિરદાવવા અને અન્ય પ્રેરણાસ્રોત બને તે માટે ગ્રામ સંગઠન પારિતોષિકની યોજના પણ નક્કી કરવામાં આવી છે.

૨૦૦૬ માટે ગ્રામ વિકાસ પારિતોષિક અને ગ્રામ સંગઠન પારિતોષિક માટે નામાંકન મંગાવવામાં આવે છે. આપની જાણીતી યોગ્ય સંસ્થા/વ્યક્તિઓનાં કાર્યો અંગેની વિગતો ગ્રામ વિકાસ પારિતોષિક-૨૦૦૬ના માહિતીપત્રકમાં મોકલી આપવા વિનંતી. નામાંકનના માહિતીપત્રક તારીખ ૧૦ ઓક્ટોબર, ૨૦૦૬ સુધીમાં મોકલી આપવાં.

### (૧) ગ્રામ વિકાસ પારિતોષિક

ગ્રામ વિકાસ પારિતોષિક અંતર્ગત પંસદ પામેલા પારિતોષિક વિજેતા વ્યક્તિ/સ્વૈચ્છિક સંસ્થાને રૂ. ૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર, ટ્રોફી તેમ જ પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ પારિતોષિકનું સમગ્ર સંચલન ગુજરાતના પ્રતિષ્ઠિત કર્મશીલોની એક પારિતોષિક નિર્ણાયક સમિતિ તથા 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર' સંસ્થા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. પારિતોષિક માટે યોગ્ય ઉમેદવારની પસંદગી કરવા માટે અનેકવિધ માધ્યમો દ્વારા તથા ગ્રામ વિકાસ ક્ષેત્રમાં પ્રવૃત્ત વ્યક્તિઓ તથા સંસ્થાઓ તરફથી નામાંકન મંગાવવામાં આવે છે. ઉત્કૃષ્ટ કામ કરતી વ્યક્તિ કે સંસ્થાઓ પોતાના માટે જાતે પણ નામાંકન પત્ર મોકલાવી શકે છે. આ નામાંકનોના આધારે નિર્ણાયક સમિતિ મજબૂત દાવેદાર ઉમેદવારની એક સૂચિ બનાવે છે. જેમની નિર્ણાયક સમિતિ દ્વારા નિયુક્ત કરાયેલા પ્રતિનિધિઓ દ્વારા જાત મુલાકાત લેવામાં આવે છે. ચુનંદા ઉમેદવારોની જાત તપાસ કર્યા બાદ તૈયાર થતા અહેવાલના આધારે નિર્ણાયક સમિતિ પારિતોષિક વિજેતાની પસંદગી કરે છે.

### (૨) ગ્રામ વિકાસ ફેલોશિપ

આ વર્ષે નાણાકીય સમિતિએ પારિતોષિક ઉપરાંત ગ્રામ વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર આશાસ્પદ વ્યક્તિને ગ્રામ વિકાસ ફેલોશિપ આપવાનું પણ ઠરાવ્યું છે. આ ફેલોશિપ અંતર્ગત પસંદગી પામનાર વ્યક્તિને તેમની સેવાઓની કદરરૂપે તથા તેમને વધુ સારી કામગીરી કરતાં રહેવા માટે પ્રોત્સાહન મળે તે હેતુસર રૂ. ૨૦,૦૦૦ની ફેલોશીપ આપવામાં આવશે. ફેલોશિપ અંતર્ગત મળનાર રાશિનો ઉપયોગ ગ્રામ વિકાસ ક્ષેત્રે વિશિષ્ટ સજ્જતા કેળવણી માટે તાલીમ, શૈક્ષણિક પ્રવાસ, સાહિત્ય કે સાધનની ખરીદી વગેરેમાં થઈ શકશે.

### (૩) ગ્રામ સંગઠન પારિતોષિક

ગ્રામ સંગઠન પારિતોષિક માટે સ્વૈચ્છિક સંસ્થા, સરકારી વિભાગો અને અન્ય સ્રોત દ્વારા નામાંકન મંગાવવામાં આવે છે. આ નામાંકનમાંથી નિયત માપદંડોને આધારે એક ટૂંકી યાદી તૈયાર કરવામાં આવશે. ટૂંકી યાદીમાં પસંદ થયેલાં સંગઠનોનું ગ્રામ સંગઠન આધારિત વિકાસ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત), એન.એમ. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન અને ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડીએસસી)ના ગ્રામ સંગઠનના અનુભવી પ્રતિનિધિ દ્વારા સંયુક્ત રીતે સ્થળ મુલાકાત અને પરામર્શ દ્વારા યોગ્ય આકારણી કરવામાં આવશે. આ ત્રણ સંસ્થાઓ દ્વારા રચાયેલા ગ્રામ સંગઠનો આ પારિતોષિક માટે ઉમેદવારી કરશે નહીં. આ એસેસમેન્ટના આધારે ગ્રામ વિકાસ પારિતોષિક પસંદગી સમિતિ દ્વારા પારિતોષિક મેળવનાર સંગઠનોની આખરી પસંદગી કરવામાં આવશે. પછીથી આ પારિતોષિક પસંદ કરવામાં આવેલા સંગઠનને 'ગ્રામ વિકાસ પારિતોષિક પ્રદાન કાર્યક્રમ' સમારંભ દરમિયાન એનાયત કરાશે.

## શ્રદ્ધાંજલિ

### પ્રો. દેવવ્રત પાઠક

ગુજરાતના વરિષ્ઠ રાજ્યશાસ્ત્રી, ગુજરાત યુનિવર્સિટીના ના રાજ્યશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ વડા અને સમાજવિદ્યા ભવનના ડાયરેક્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, શાંતિ સંશોધન કેન્દ્ર (ગૂજરાત વિદ્યાપીઠ)ના માનદ્ પ્રાધ્યાપક અને 'નાગરિક સ્વાતંત્ર્ય સંગઠન' (પીયુસીએલ)ના ગુજરાત એકમના પ્રમુખ પ્રો. દેવવ્રત ના. પાઠકનું આઠમી સપ્ટેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું.

છેલ્લા બે-અઢી દાયકા દરમ્યાન એક પ્રખર બૌદ્ધિકમાંથી જાહેર જીવનનાં કેટલાંક ધારક અને સંગોપક મૂલ્યો પ્રત્યે ઊંડી નિષ્ઠા ધરાવતા એક કર્મશીલ તરીકે પાઠક સાહેબનું રૂપાંતર થયું. માનવ હક્કો અને નાગરિક સ્વાતંત્ર્યો માટે કામ કરતા 'નાગરિક સ્વતંત્ર્ય સંગઠન' (પીયુસીએલ)ના તેઓ રાષ્ટ્રીય ઉપપ્રમુખ અને ગુજરાત એકમના તેઓ પ્રમુખ હતા. સમાજના વંચિત વર્ગો અને વિભાગો જેવા કે દલિતો, મહિલાઓ, લઘુમતીઓ વગેરેના માનવ હક્કો માટે તેઓ સતત ઝઝુમતા રહ્યા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં વાજબી હક્કો અને હિતોના રક્ષણ માટે તેઓ હંમેશાં તત્પર રહેતા.

સ્વ.પાઠક સાહેબ રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય અને ગુજરાતની વિવિધ સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. અમેરિકામાં અભ્યાસકાળ દરમ્યાન 'હિન્દુસ્તાન સ્ટુડન્ટ્સ એસોસિએશન'ના પ્રમુખ, ઓલ ઈન્ડિયા પોલિટિકલ સાયન્સ એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ, ઈન્ડિયન સોસાયટી ઑફ ગાંધીયન સ્ટડીઝના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ, ઑલ ઈન્ડિયા સેવ એજ્યુકેશન કમિટિ, સિનિયર સીટીઝન્સ કલબના પ્રમુખ, મુવમેન્ટ ફોર સેક્યુલર ડેમોક્રેસી, નાગરિક સંગઠન, ગુજરાત કેળવણી પરિષદ, ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળના આદ્ય પ્રમુખ, સુકેતુ-કેડી સ્ટડી સર્કલના સ્થાપક પ્રમુખ - આ બધી સંસ્થાઓને તેમનાં સતત પ્રેરણા અને માર્ગદર્શન મળતાં રહ્યાં છે.

ગુજરાતમાં કોમી હિંસાચાર પછી સમાજમાં સાંપ્રદાયિક સંવાદિતા પુનઃ સ્થપાય એ માટે તેઓ સતત કાર્યશીલ હતા. 'કેર' સંસ્થા તરફથી ગુજરાતમાં શરૂ કરવામાં આવેલા 'હાર્મની પ્રોજેક્ટ'ના તેઓ અગ્રણી હતા. ગુજરાતમાં માનવ હક કમિશનની સ્થાપના અને માહિતી - અધિકાર માટેની ઝુંબેશમાં તેઓ અગ્રણી હતા અને તે માટે રાષ્ટ્રીય અને ગુજરાત સ્તરે કરવામાં હંમેશાં તેઓ આગળ રહેતા.

વર્ષો સુધી 'બુદ્ધિ પ્રકાશ' અને છેલ્લે 'અખંડ આનંદ'માં રાષ્ટ્રીય બનાવો વિશે તેઓ નિયમિત લખતા. ઈન્દુલાલ યાજ્ઞિકની 'આત્મકથા' નો તેમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. હાલ પાઠક સાહેબ 'ગાંધીજીના અક્ષરદેહ' ગ્રંથોને આધારે ગાંધીજીની આગળની આત્મકથા તૈયાર કરવાના ભગીરથ કાર્યમાં રોકાયેલા હતા.

નાગરિક સ્વાતંત્ર્યો, લોકશાહી-ઉદારવાદી-માનવ મૂલ્યો, બિનસાંપ્રદાયિકતા, રેશનાલિઝમ, વૈજ્ઞાનિક અભિગમ વગેરે મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ એવા સ્વ.પાઠક સાહેબનું વ્યક્તિત્વ બહુ આયામી હતું. શાસ્ત્રીય સંગીતના અચ્છા જાણકાર અને કદરદાન હતા. 'ભાર વગરનું વ્યક્તિત્વ' ધરાવતા પાઠક સાહેબનો સ્વભાવ હસમુખો અને મળતાવડો હતો. આવું બહુમુખી વ્યક્તિત્વ અને બહોળો ચાહકવર્ગ ધરાવતા પાઠક સાહેબના દુઃખદ અવસાનથી ગુજરાતના જાહેર જીવનને ન પૂરાય એવી ખોટ પડી છે.

## વિકાસ અને નૂતન સમર્થક ભંડોળ

લોકવિકાસ માટે મથતાં લોક સંગઠનો માટે સામાન્ય રીતે એવી છાપ છે કે તેમનું અસ્તિત્વ ફક્ત અનુદાન ઉપર જ આધારિત છે. પણ આ છાપ હકીકતથી સાવ ભિન્ન છે. મોટા ભાગનાં લોક સંગઠનો તેમને મળતા ધિરાણને સમયસર પરત કરે છે તેવો સર્વસામાન્ય અનુભવ રહ્યો છે. લોકોનાં સંગઠનોને હંમેશાં માત્ર અનુદાનની જ જરૂરિયાતો હોતી નથી, પણ તેમને ધિરાણની આવશ્યકતા હોય છે, જેનાથી આ સંગઠનો યોગ્ય પ્રમાણમાં તેનું વળતર મેળવી શકે છે. સમય અને શક્તિ ખર્ચવા છતાં પણ ક્યારેક લોક સંગઠનોને નૂતન કંઈક કરવા માટે નાણાકીય ટેકો કે ધિરાણ મળતું નથી.

લોક સંગઠનોની પ્રવૃત્તિઓને સતત ધબકતી રહે તેઓ પોતાની રીતે વિકાસની નવી તરાહોને વિકસાવે તેવા હેતુથી શ્રી અનિલ શાહ અને તેમનાં પત્ની શ્રીમતી ઈન્દુબહેન શાહે એક આગવું વિકાસ અને નૂતન સમર્થક ભંડોળ રચાય એ માટે ફાળો આપ્યો છે. આ ભંડોળનો હેતુ ગ્રામ સ્તરનાં સંગઠનો સ્વયં નવીન કશું કરવા માંગતા હોય તેમને આર્થિક મદદ કરવાનો છે. હાલમાં વિકાસ ક્ષેત્રે અને હયાત અમલી યોજનામાં સંગઠનો માટે નવીન કરવાનો અવકાશ હોતો નથી. આર્થિક મદદ કે પ્રેરણાદાયી પ્રોત્સાહન પણ મળતું નથી. નવીન કામો કરવા માટે લોક સંગઠનોને પ્રેરણાદાયી પ્રોત્સાહન અને સમયસર આર્થિક ટેકો મળી રહે તે મહત્ત્વનું છે. આ ફંડમાંથી સહાય

## શ્રદ્ધાંજલિ

### શ્રી ફૂલચંદ પુરવાર

સર્જન એટલે ક્રિએટિવિટી - કશુંક નવીન અથવા તો રચનાત્મક કરવું તે. દરેક વ્યક્તિ એક ઉત્તમ સર્જક છે. સવાલ છે સામેનામાં સર્જનાત્મકતા સમજવાની કે એની કદર કરવાની આવડત અને રૂચિ હોવી જોઈએ.

સામાન્ય રીતે મધ્યમ કે ઉપલા વર્ગનાં બાળકો માટે તો સર્જનાત્મકતાને પોષવા તથા ખીલવવા માટે ઘણી તકો હોય છે પણ તક-વંચિત બાળકો માટે આવી તકો ખોલતા રહેવું અને એમની શક્તિઓને બહાર લાવવી એ અઘરું કામ છે કારણ કે બીજા બધા માપદંડો 'ઉત્તમ શિક્ષણ - ઉત્તમ ટકાવારી'થી તેઓ કમનસીબે બહુ દૂર હોય છે. તેથી તેમની સાચી પરીક્ષા (જેને સમાજ આજકાલ બહુ માન આપે છે) થતી નથી અને એથી તેઓનું કૌશલ્ય કે વ્યક્તિત્વ આપણા સુધી પહોંચતું નથી.

ફૂલચંદભાઈ પુરવાર આજન્મ શિક્ષક અને તે પણ સંગીતના. એમણે આ તકવંચિત બાળકો સાથે કામ કરવાની શરૂઆત કરી. ૩૦ વર્ષ પહેલાં 'અસાગ' સંસ્થા સાથે રહીને સંકલિત નગરમાં કે જ્યાં શહેરની ૨૬ જેટલી ઝૂંપડપટ્ટીમાંથી પૂરને કારણે સ્થળાંતરિત સમુદાય માટે ૨૨૦૦ મકાનોની મોટી વસાહત ઊભી કરવામાં આવેલી. તદ્દન નબળાં વર્ગનાં લોકોનાં બાળકો પોતાની સર્જનાત્મકતા કઈ રીતે વિકસાવી શકે તે તરફ એમનું લક્ષ્ય. ત્યાંના વિવિધ વોર્ડ અને એક સાર્વજનિક કેન્દ્રમાં આ પ્રવૃત્તિ ચાલતી. ખૂબ ઓછા ખર્ચે મનોરંજન સાથે સર્જનાત્મકતા ને ખીલવવાની તક અપાતી. આ બાળકો આવતી કાલના નાગરિકો છે અને સાચું શિક્ષણ તો આ જ છે. અને એ જ એમને આગળ લઈ જઈ શકે તેમ છે તેવું ફૂલચંદભાઈ માનતા. એ રીતે સ્વયંસેવકો/કાર્યકરો તૈયાર કરતાં આજે ત્રીસ વર્ષમાં એ બાળકો પોતે વાલી બની ગયાં હશે પણ એક જુદા જ ઉછેર સાથે - આથી તેમનું વ્યક્તિત્વ જુદું જ ઘડાયું - આ ફેર આપણે ચોક્કસ ઓળખી શકીએ.

ફૂલચંદભાઈએ આવાં બાળકો માટે બચત બેંક - પુસ્તકાલયો - આનંદ મેળા - પ્રેરણા પ્રવાસ - તાલીમ કાર્યક્રમો - ગ્રીટીંગ કાર્ડનું ઉત્પાદન - કેલેન્ડર - બાળકો-બાળકો વચ્ચે સંવાદ - હોસ્પિટલમાં સર્જન (ઓર્થોપીડિક વોર્ડ) અને છેલ્લે રખડતા બાળકો માટે અમદાવાદનાં રેલ્વે સ્ટેશન ઉપર પણ 'સર્જન' કેન્દ્ર શરૂ કર્યું. આજે રેલવે સ્ટેશનના બીજે છેડે આવાં બાળકો માટે રહેવા-જમવા તથા અનૌપચારિક શિક્ષણ વ્યવસ્થા સાથે ચાઈલ્ડ લાઈન કામ કરી રહી છે. એક સુંદર વિચાર કાઠું કાઢી રહ્યો છે.

બાળકોનાં વિવિધ પ્રશ્નો વિશે ઘણી વ્યક્તિઓ સંસ્થાઓ/ખૂબ સક્રિય છે દરેકને પોતાનું નિશ્ચિત લક્ષ્ય છે. તક મળે બધાં સાથે બાળ અધિકારોના અનુસંધાને પણ કામ કરવાની તક લેતાં અને રાઈટ બેસ્ડ એપ્રોચ ને સ્વીકારતાં પણ મૂળ જીવ રચનાનો સંઘર્ષ બહાર દેખાતો નહીં પણ માત્ર આ જ બાળકોથી હંમેશાં ઘેરાયેલા રહેવું તે જ એમનો સંઘર્ષ-મંત્ર હતો.

પોતાના કામ થકી અને શ્રદ્ધા અને વિચારની સ્પષ્ટતાને કારણે તેઓ સામાજિક આદર પણ પામ્યા વિવિધ એવોર્ડથી સન્માનિત થતા રહેવાં. ઉંમર સાથ ન આપતી તેવું લાગતું ત્યારે ખૂબ દુઃખી થતાં અને આ ભાર કોઈ હળવો કરે તો સારું તેમ ઈચ્છતા. કામ કરતાં છેક સુધી એને જોતા રહેવા-સંભાળતા રહેવા. બાળકોના ક્ષેત્રે એકધાર્યું અને ઊંડાણપૂર્વક કામ કરતા બહુ ઓછા લોકોમાં તેમનું સ્થાન મોખરાનું છે એમ સ્વભાવિક રીતે કહી શકાય.

---

કે ધિરાણ કે વ્યાજમાં મદદ આપી શકાય કે જેથી ગ્રામ સંગઠનો ઘણાં ઉપયોગી કાર્યો કરવા માટે પ્રેરાશે.

**ભંડોળ આપવા માટેનો ભૌગોલિક વિસ્તારઃ** ગુજરાત રાજ્યના તમામ જિલ્લા.

**કયા કાર્યક્રમોને ભંડોળનો લાભ મળી શકેઃ** કુદરતી સંસાધનો (મુખ્યત્વે જળ અને જમીન વિકાસ સંદર્ભે) વિકાસથી આર્થિક સમૃદ્ધિ, જોખમ સામે રક્ષણ, ખર્ચમાં ઘટાડો, મહિલા અને નબળા પરિવારની આર્થિક મુશ્કેલીનું નિવારણ.

**ભંડોળમાં કેવાં કાર્યો લઈ શકાયઃ** (અ) ગ્રામ સંગઠનો/સંઘ કંઈક નવીન કામ કરવા માંગતા હોય. (બ) સંગઠન અન્ય પ્રદેશ/વિસ્તારમાંથી સફળ નમૂનારૂપ કામો જોઈ આવ્યા હોય અને તેમના વિસ્તારમાં પ્રથમ વખત અમલમાં મૂકવા માંગતા હોય. (ક) સંગઠનના સભ્યોને તાકીદે લાભદાયી વિકાસ કામો જે કોઈ યોજનાથી મંજૂર થયેલ છે પણ ગ્રાન્ટ મળવામાં વિલંબ થાય છે. આ કામ સંગઠન લોન દ્વારા કરે છે તે પરિસ્થિતિમાં સંગઠનને લોન પરના વ્યાજમાં ટેકારૂપ. (ડ) સંગઠન તેમના સભ્યો મારફત ફરતા ભંડોળથી કંઈક નૂતન કામ શરૂ કરવા માંગતા હોય વગેરે.

**ભંડોળનો લાભ કોને મળે:** ગ્રામ સ્તરનાં સંગઠનો (સામાન્ય રીતે રજિસ્ટર સંગઠનો), જૂથ સંગઠનો અને ગ્રામ સંગઠનોના સંઘ (આ ભંડોળના લાભાર્થી તરીકે પંચાયતી રાજ્યની સંસ્થાઓનો સમાવેશ નથી).

**સહાયનો પ્રકાર:** ગ્રાન્ટ અને ધિરાણ (મર્યાદિત વ્યાજ સાથે). સંગઠન બેંક પાસેથી ધિરાણ મેળવે તેમાં વ્યાજની રકમની કરવી, સંગઠનને નમૂનારૂપ કાર્યમાં વચગાળાની નાણાકીય સહાય ધિરાણ સ્વરૂપે, અને બીજરૂપ રકમ.

ગ્રાન્ટ અને ધિરાણ સહાય ઉપરાંત ગ્રામ સંગઠને પોતાનો ફાળો આપવાનો રહેશે. લોકફાળાનું ધોરણ હાલ ચર્ચા હેઠળ છે.

**સહાય મર્યાદા:** કોઈ નિયમ નથી પણ સાધારણ રીતે સંગઠનને ધિરાણ માટે રૂ.૫૦,૦૦૦ અને ગ્રાન્ટ માટે રૂ.૨૫,૦૦૦.

વધુ માહિતી માટે સંપર્ક કરો: શ્રી દલસુખ વઘાસિયા, સભ્ય સચિવ, વિકાસ અને નૂતન સમર્થક ભંડોળ સમિતિ, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, ગવર્મેન્ટ સ્કૂલ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. ફોન: ૦૨૭૧૭-૨૩૫૯૯૪, ૨૩૫૯૯૫. ફેક્સ: ૦૨૭૧૭-૨૩૫૯૯૭, ઈમેલ: dsc@dscindia.org, વેબસાઈટ: www.dscindia.org

### બિન-સરકારી સંગઠન કે ટ્રસ્ટને નિવાસી વિસ્તારમાંથી કામ કરવાની પરવાનગી

જમીનના ઉપયોગના નિયમના ભંગ બદલ નં.૨, પૂર્વી માર્ગ, વસંત વિહાર ખાતે કામ કરતી યુ.એસ.એઈડની આપત્તિ સંચાલન સમર્થન પરિયોજના કચેરીને તે નિવાસી સ્થળેથી કામ કરતી હોવાથી દિલ્લી મહાનગરપાલિકાએ સીલ માર્યું હતું. આ સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતની દેખરેખ સમિતિને આ કેસ સોંપવામાં આવ્યો હતો. આ દેખરેખ સમિતિએ બે અવલોકનો રજૂ કર્યાં છે:

(૧) બિન-સરકારી સંગઠનો કે કોઈ પણ ટ્રસ્ટને નિવાસી વિસ્તારોમાંથી કામ કરવાની પરવાનગી આપવામાં આવે છે. આ સંગઠન કે ટ્રસ્ટ ભારતમાં કે ભારત બહાર નોંધાયેલું હોઈ શકે છે.

(૨) જે સંગઠન કે ટ્રસ્ટ નોંધાયેલું નથી તેને મંજૂરી માટે દેખરેખ સમિતિને મોકલવામાં આવશે. દિલ્લી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગના અધિક્ષક ઈજનેર દ્વારા તા.૨૦.૦૯.૨૦૦૬ના રોજ નં.૧૫૦/ઈઈ(બી)એચક્યુ/૨૦૦૬ દ્વારા આ અંગેનો હુકમ કરવામાં આવ્યો છે.

તેમણે આ હુકમની નકલ કમિશનરના સચિવ, તમામ વધારાના કમિશનરો, મુખ્ય નગર આયોજક અને મુખ્ય કાનૂની અધિકારીને પણ મોકલી છે.

# આગામી કાર્યક્રમ

### બાળ અધિકાર યાત્રા

બાળકોના અધિકારો અને ખાસ કરીને ૬ વર્ષની વય સુધીનાં બાળકોના અધિકારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બિન-સરકારી સંગઠનો, નાગરિક સમાજ અને મજૂર મંડળોની આ સંયુક્ત ઝુંબેશ ૧૪મીથી ૨૧મી નવેમ્બર-૦૬ દરમ્યાન હાથ ધરવામાં આવશે. એપ્રિલ ૨૦૦૬માં હૈદરાબાદ ખાતે યોજાયેલા બાળ અન્ન અધિકાર સમ્મેલનમાં નક્કી થયેલી પ્રવૃત્તિઓને આધારે દેશનાં વિવિધ સંગઠનો દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

લોકોમાં બાળકોના અધિકારો વિશે જાગૃતિ લાવવા માટે આ યાત્રા કાઢવામાં આવનાર છે. દિલ્લી મહાનગરના એકેએક વિસ્તારમાં આ યાત્રા ફરશે. આઈસીડીએસ (સંકલિત બાળ વિકાસ યોજના) અંગે જાગૃતિ ફેલાવવા માટે આ યાત્રા દરમ્યાન શેરી નાટકો ભજવાશે અને નાની નાની સભાઓ પણ ગોઠવાશે. છેલ્લે દિવસે એટલે કે ૨૧મી નવેમ્બરે જંતરમંતર ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે ૨૧મી નવેમ્બરે સમગ્ર દેશમાં આંગણવાડી દિન યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

ઉત્તર પ્રદેશ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ વગેરે રાજ્યોમાં આ જે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઓરિસ્સા, કર્ણાટક, ગુજરાત, આસામ, રાજસ્થાન અને તામિલનાડુ રાજ્યોમાં પણ આ કાર્યક્રમ માટે તૈયારીઓ થઈ રહી છે.

ગુજરાતમાં અન્ન સુરક્ષા અધિકાર અભિયાન દ્વારા ૧૩ જિલ્લાઓમાં દરેક જિલ્લામાં ૨૨થી ૨૫ ગામોમાં આંગણવાડી દિવસની ઊજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. દરેક જિલ્લામાં જિલ્લા સ્તરીય બેઠક યોજવામાં આવશે અને એ બેઠકની ભલામણો કલેક્ટરને તથા આરોગ્ય અધિકારીને સુપ્રત કરવામાં આવશે. રાજસ્થાનમાં એક્શન એઈડની સહભાગી સંસ્થાઓ દ્વારા સંકલિત બાળ વિકાસ યોજનાના અમલના કેટલાક વિસ્તારોમાં એક ઝડપી અભ્યાસ કરવામાં આવશે અને આંગણવાડી દિવસના રોજ તેને સંબંધિત એવા પ્રશ્નો અંગે જનસુનાવણી યોજવામાં આવશે. આ અંગે ચર્ચા વિચારણા ચાલી રહી છે.

વધુ માહિતી માટે સંપર્ક સાધો: સુશ્રી હેમા, મોબાઈલ ક્રેચિઝ, ડીઆઈઝોડ એરિયા, સેક્ટર-૪, રાજા બઝાર, નવી દિલ્લી. ફોન નં.૯૯૧૧૦-૪૫૦૬૮

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિત અધિકારો

રાજસ્થાનમાં 'દલિત અધિકાર અભિયાન'ની સમીક્ષા અને આયોજન બેઠક બે દિવસ માટે યોજવામાં આવી હતી. તેનો ઉદ્દેશ તમામ હિતધારકોની વધુ સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટેનો અવકાશ શોધવાનો અને ઝુંબેશનું યોગ્ય માળખું વિકસાવવાનો હતો કે જેથી તમામ સ્તરે નીચેથી ઉપર તરફનું આયોજન થાય અને પારદર્શિતા આવે. આ સંદર્ભમાં વહીવટી ટેકો પૂરો પાડવા માટે કેન્દ્રીય સંકલન સમિતિની રચના કરવામાં આવી.

હાલ આ ઝુંબેશ દ્વારા જોધપુર, બાડમેર અને જેસલમેર એમ ત્રણ જિલ્લાઓમાં ૧૨ દલિત સંદર્ભ કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યાં છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન જાહેર સ્થળોએ ભેદભાવના ત્રણ કિસ્સા, અત્યાચારના ત્રણ કિસ્સા અને જમીન ઉપરના દબાણના બે કિસ્સામાં ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. અત્યાચારોના કિસ્સામાં મહિલાઓ સામેની હિંસાના એક કિસ્સાનો પણ સમાવેશ થાય છે. પેન્શન યોજના, પી.ઓ.પી. અને કાર્યશાળા યોજના જેવી વિવિધ સરકારી યોજનાઓનો લાભ ૨૨ પરિવારોને અપાવવામાં આવ્યો છે. બાડમેર જિલ્લામાં જળ સલામતી કાર્યક્રમની પ્રવૃત્તિઓનો ત્રીજો તબક્કો ઓગસ્ટ ૨૦૦૬માં શરૂ થયો. તેમાં જોધપુર જિલ્લાના બાડમેર અને શેરગઢ તાલુકાનાં ૪ ગામોનો સમાવેશ શેરગઢ તાલુકાનાં ૩ ગામો ઉપરાંત કરવામાં આવ્યો છે. આ ગામોની વસ્તીલક્ષી માહિતી ભેગી કરવામાં આવી છે.

### બાડમેરમાં પૂરની પરિસ્થિતિ સામેનો પ્રતિભાવ

બાડમેર જિલ્લામાં ઓગસ્ટમાં માત્ર ૩ દિવસમાં ૫૭૭ મી.મી. વરસાદ થયો કે જ્યાં સરેરાશ વાર્ષિક વરસાદ માત્ર ૧૫૫ મી.મી. હોય છે. આ ઉપરાંત જેસલમેર જિલ્લામાંથી પણ પાણી આ જિલ્લામાં વહીને આવ્યું અને વધુ પડતા વરસાદને લીધે પાણીનું સ્તર ૧૫થી ૨૫ ફૂટ જેટલું થઈ ગયું. આ પાણી માલવા, કવાસ અને ભટાટા ગામોમાં જમા થઈ ગયું અને અનેક લોકો તેમાં ડૂબી ગયા. સરકારી આંકડો ૨૦૦ જણાનો મૃત્યુ આંક દર્શાવે છે જ્યારે સ્થાનિક અંદાજો એમ કહે છે કે લગભગ ૧૦૦૦ લોકોનાં મૃત્યુ થયાં છે. લગભગ ૧૨૦૦ કિ.મી.ના રસ્તા ધોરીમાર્ગ સહિત ધોવાઈ ગયા છે. લગભગ ૩૦૦૦ પરિવારોએ તેમનાં ઘર ગુમાવ્યાં છે આશરે રૂ. ૪૩ કરોડનું નુકસાન પાકને થયું છે.

આ વિસ્તારનું અર્થતંત્ર ઘેટાં, બકરાં, ઊંટ, ગાય, ભેંસ વગેરેના પાલન ઉપર આધારિત છે. પરંતુ એવો અંદાજ છે કે લગભગ ૫૦,૦૦૦ જેટલાં પશુ આ પૂરમાં નાશ પામ્યાં છે. મોટા ભાગનાં પશુઓ ત્યારે નાશ પામ્યાં કે જ્યારે પૂર આવ્યું ત્યારે તેઓ ખીલે બંધાયેલાં હતાં. સરકારના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર લોકો તાવ, મેલેરિયા, ન્યૂમોનિયા અને ઝાડા-ઊલટી વગેરે જેવા રોગોથી પીડાય છે. પાણીના પ્રદૂષકો વધી જવાથી અને પર્યાવરણ બગડવાથી આ પરિસ્થિતિ ઊભી થઈ હતી. આપત્તિ પછી તરત જ આપત્તિગ્રસ્તોની જરૂરિયાતોના આકલન માટે બે સહભાગી સંસ્થાઓ સાથે મળીને એક ટીમ આ વિસ્તારમાં સર્વે કરવા માટે ફરી. તેમણે કવાસ અને માવલા ગામોની તથા શિવ, બાડમેર અને બૈતુ તાલુકાનાં દસ ગામોની મુલાકાત લીધી અને સ્થાનિક બિન-સરકારી સંગઠનો સાથે રાહત વહેંચણીનું સંકલન કરવામાં આવ્યું હાલ ૨ ટુકડીઓ સ્થાનિક પરિસ્થિતિઓ પર અને રાહત તથા પુનર્વસનની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખી રહી છે.

### આપત્તિના સામનાની તૈયારી

ગુજરાતમાં ૧૯થી ૨૨ જુલાઈ ૨૦૦૬ દરમ્યાન સંસ્થાના કાર્યકરો અને કચ્છની સહભાગી સંસ્થાઓના કાર્યકરો માટે સમુદાય આધારિત આપત્તિના સામનાની તૈયારી વિષય પર એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૮ બિન-સરકારી સંગઠનોના ૨૪ સહભાગીઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં દિલ્લીની 'લાઈવલીહૂડ સોલ્યુશન્સ' નામક સંસ્થાના શ્રી ગિરીશ ભારદ્વાજ માર્ગદર્શન આપવા માટે હાજર રહ્યા હતા. તેના સંદર્ભમાં લાખારા વાંઢ માટે આપત્તિના સામનાની સમુદાય આધારિત તૈયારીની યોજના ઘડવામાં આવી હતી. મહિલા જૂથો માટે 'વીમો સેવા'ના સહયોગથી વીમા અંગે એક અભિમુખતા કાર્યશાળા યોજવામાં આવી હતી. મહિલાઓને જોખમો ઘટાડવા માટે તૈયાર થવા સંવેદનશીલ બનાવાઈ હતી કારણ કે તેઓ ભૂકંપ સંભવ વિસ્તારમાં રહે છે. તેઓ વીમા યોજનામાં નોંધણી પામી હતી.

આ ત્રણ માસના ગાળા દરમ્યાન અમે ગ્રામીણ મહિલા કારીગરોની ભરતકામની કુશળતાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સંગઠનો સાથે સંબંધ સ્થાપિત કરી શક્યા છીએ. તેમાં બાડમેરની 'મલાની ઈમ્પેક્સ', અમદાવાદમાં 'ભુજોડી', ગાંધીનગરની 'ગ્રિમકો' અને બેંગલોરની 'ડિઝાઈન કોર' સંસ્થાઓનો સમાવેશ થાય છે. મહિલા કારીગરોને રોજગારી પૂરી પાડવા માટે જથ્થાબંધ ઓર્ડર મળે તે માટે તેમને ડિઝાઈનના નમૂના આપવામાં આવ્યા હતા.

## ૨. નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ શાસન

ગુજરાતમાં અનેક તાલીમ કાર્યક્રમો દ્વારા અમદાવાદ જિલ્લાના ૮ તાલુકાના તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં નવા ચૂંટાયેલા ૭૦ પ્રતિનિધિઓને પંચાયત ધારા વિશે, ચૂંટાયેલા પ્રતિનિધિઓની જવાબદારીઓ અને ભૂમિકા વિશે, વિવિધ સ્તરની પંચાયતનાં કાર્યો વિશે અને પંચાયતોની સમિતિઓ તથા તેમની રોજિંદી કામગીરી સંબંધી જોગવાઈઓ વિશે અભિમુખ કરવામાં આવ્યા હતા. અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકાઓની ૮૦ ગ્રામ પંચાયતોના નાગરિક નેતાઓને રાજ્ય સરકાર દ્વારા બી.પી.એલ. યાદી અંગે કરવામાં આવેલી પ્રક્રિયા વિશે અભિમુખ કરવામાં આવ્યા હતા. તેમણે પછીથી ચૂંટાયેલા પ્રતિનિધિઓના તાલુકા સ્તરનાં જૂથોને અભિમુખ કર્યા હતા. ફળિયા મિટિંગો યોજીને આ યાદીની ચર્ચા કરવામાં આવી હતી અને નવી યાદીમાં ગરીબ પરિવારોનાં નામોનો સમાવેશ થાય તે માટે અરજીઓ કરવાનું વિચારવામાં આવ્યું હતું. નાગરિક નેતાઓએ તેમની પંચાયતોના વિસ્તારોમાં બાળકીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે પણ પ્રયત્ન કર્યો હતો. તે માટે તેમણે મા-બાપો સાથે ચર્ચા વિચારણા કરી હતી અને ગ્રામ શિક્ષણ સમિતિને સક્રિય બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાની ૪૦ પંચાયતોના નાગરિક નેતાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓન માહિતી અધિકાર ધારાની જોગવાઈઓ વિશે તેમ જ તે ધારા હેઠળ કરવામાં આવતી અરજીઓ વિશે અભિમુખ કરવામાં આવ્યા હતા. માહિતી અધિકાર ધારા હેઠળ ફાઈલો ઉપર કરવામાં આવતી નોંધ પણ પ્રાપ્ય બને અને તેને અંગેની જોગવાઈ રદ ન થાય તે માટે ચાલતી હિમાયતની રાજ્ય સ્તરીય પ્રક્રિયામાં અમે સક્રિય ભાગીદાર છીએ. ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિઓ અને નાગરિક સમાજનાં સંગઠનોના તાલુકા સ્તરનાં જૂથોના સભ્યો માટે એક જિલ્લા સ્તરીય કાર્યશાળા યોજવામાં આવી હતી.

તેમાં જે પંચાયતોની મુદત પૂરી થતી હતી તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યશાળામાં ૩૨ સહભાગીઓએ ભાગ લીધો હતો અને તેમણે તેમના કાર્ય, તેમના ઉદ્દેશો અને તેમની ભાવિ ભૂમિકા વિશે ચિંતન-મનન કર્યું હતું. એસ.આઈ.આર.ડી.ના સહયોગથી પંચાયતોની નાણાકીય વ્યવસ્થા અને સુશાસન અંગે પંચાયતોના પ્રતિનિધિઓ માટે બે દિવસની સેટકોમ તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં ડી.આર.ડી.એ. તથા તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારીઓ અને ગ્રામ સેવકો જેવા ૫૧ સરકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા. તેમની સ્થળ પર અને સ્ટુડિયોમાં બેઠકો ચલાવવામાં આવી હતી. તેઓ તેમને ત્યાંના કેન્દ્રના પણ આયોજક રહ્યા હતા.

શૈક્ષણિક સામગ્રી, દસ્તાવેજો અને ટૂંકી ફિલ્મો આ સહભાગીઓ માટે ખાસ તૈયાર કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૦૬માં આવી રહેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ માટે ચૂંટણી પૂર્વેની મતદાતા જાગૃતિ ઝુંબેશનું આયોજન કરવા માટે એક સભા બોલાવવામાં આવી હતી. તેમાં ૩૩ સંગઠનોના ૫૧ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે એક કેન્દ્રીય જૂથની રચના પણ કરવામાં આવી હતી. આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય સચિવ અને ભૂતપૂર્વ રાજ્ય ચૂંટણી કમિશનર પણ તેમાં હાજર રહ્યા હતા અને તેમણે રાજ્ય ચૂંટણી પંચ તથા નાગરિક સમાજ વચ્ચેના સંબંધોને મજબૂત કરવા ઉપર ભાર મૂક્યો હતો. આ ત્રણ માસના ગાળા દરમ્યાન આ જાગૃતિ ઝુંબેશ સંબંધી શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવામાં આવી છે.

રાજસ્થાનમાં ભારત સરકારના આદેશ અનુસાર ૧૧મી પંચવર્ષીય યોજનાને ગ્રામ સભા દ્વારા મંજૂરી અપાવી જોઈએ કે જેથી સ્થાનિક સ્તરે સહભાગિતા ઊભી થાય એ સંદર્ભમાં સપ્ટેમ્બર ૨૦૦૬ દરમ્યાન રાજ્યભરમાં ગ્રામ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ્ય ચર્ચા બાદ ગ્રામ સભા દ્વારા વિગતવાર પત્રક ભરવામાં આવે તે જોવામાં આવ્યું. આ સંદર્ભમાં ગયે વર્ષે સૂક્ષ્મ સ્તરીય યોજનાઓ તૈયાર કરવા માટે એક

તાલીમ યોજવામાં આવી હતી. તેમાં દરેક તાલુકાનાં બે મહિલા સરપંચો હાજર રહ્યાં હતાં. તે પછી વોર્ડવાર સૂક્ષ્મ સ્તરીય યોજનાઓ તૈયાર કરવામાં આવી હતી. અગિયારમી યોજનાનો આખરી દસ્તાવેજ તૈયાર કરવામાં આ યોજનાઓ ઘણી ઉપયોગી સાબિત થઈ. ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૦૬ દરમ્યાન જોધપુર જિલ્લાના ૯ તાલુકામાં તાલુકા મથકે એક દિવસની તાલીમ પંચાયતોની સ્થાયી સમિતિ માટે યોજવામાં આવી હતી. તેનો ઈરાદો એ હતો કે સ્થાયી સમિતિના સભ્યો સમિતિનાં કાર્યો અને ફરજો, સત્તાઓ, નિયમો, નિયમનો, લાભો, જરૂરિયાતો વગેરે સમજે. રાજ્ય સરકાર દ્વારા કાયદા અનુસાર યોજવામાં આવતી મીટિંગો અંગે જે પરિપત્રો જારી કરવામાં આવે છે, તેને વિશે તથા પંચાયતોને આપવામાં આવેલાં કામો સંબંધી પ્રવૃત્તિઓ વિશે અને સ્થાયી સમિતિ દ્વારા તેમની થતી સમીક્ષા વિશે તેમને માહિતી આપવામાં આવી હતી. સંદર્ભ જૂથોના સભ્યો એટલે કે પંચાયત સંદર્ભ કેન્દ્રના કાર્યકરો તથા સક્રિય નાગરિકોને આ સમિતિઓને સક્રિય કેવી રીતે બનાવી શકાય તેને વિશે માહિતી આપવામાં આવી હતી. મહિલા પંચાયત સભ્યોના ક્ષમતાવર્ધન માટે ૮ પંચાયત સંદર્ભ કેન્દ્રો તાલુકા સ્તરેથી કામ કરી રહ્યાં છે. દર ગુરુવારે ૧૫ મિનિટનો એક સાપ્તાહિક રેડિયો કાર્યક્રમ પ્રસારિત થાય છે અને ફોન હેલ્પલાઈન પણ તે પછી ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમોમાં મહિલા સરપંચો અને પંચોની સફળતાની કહાણીઓ સ્થાનિક બોલીઓમાં રજૂ કરવામાં આવે છે.

**શહેરી શાસન**

ગુજરાતમાં ઈડર, મોડાસા, બાવળા નગરોમાં ઘન કચરા સંચાલનની યોજનાઓ તૈયાર કરવામાં આવી છે અને જે તે નગરપાલિકાઓને સોંપવામાં આવી છે. આ વિષય વિશે વ્યાપક જાગૃતિ ઊભી થાય તે માટે એક એનિમેશન ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી છે. ઘન કચરા સંચાલન યોજનાનો અમલ કરવા માટે મોડાસા નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ, નાગરિક નેતાઓ અને બિન-સરકારી સંગઠનોના સભ્યોની એક વિમર્શ સભા પણ યોજવામાં આવી હતી. તે પછી નગરપાલિકાએ શહેરના તમામ વોર્ડમાં બે પ્રકારની કચરાપેટીઓ મૂકવાનો નિર્ણય કર્યો છે અને ઘન કચરા સંચાલન યોજનાની એક નકલ તેણે ગુજરાત શહેરી વિકાસ નિગમને મંજૂરી માટે તથા સાધન સામગ્રીના પુરવઠા માટે મોકલી આપી છે. ઈડર નગરપાલિકાએ કચરાપેટીઓ અને હાથલારીઓ ખરીદવા માટેનો ઓર્ડર આપ્યો છે. નગરનાં નિવાસી જૂથો અને કોમ્યુનિટી ડેવલપમેન્ટ સોસાયટી સાથે મળીને કચરાના એકત્રીકરણ ઉપર દેખરેખ રાખી રહ્યા છે અને નાગરિકો જુદી જુદી ટોપલીઓમાં કચરો એકત્ર કરી રહ્યા છે. નવરાત્રિ ઉત્સવ દરમ્યાન આ નગરપાલિકા દ્વારા જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લાનાં ૪ નગરોમાં ઝુંપડપટ્ટીમાં રહેતા નાગરિકોની આર્થિક પ્રવૃત્તિઓ અને તેમના પ્રદાન વિશેનો એક અભ્યાસ કરવામાં આવ્યો. તેનો ઈરાદો તેમને જમીન અને આવાસનો અધિકાર પ્રાપ્ત થાય તે માટેનો હતો. આ નગરપાલિકાઓએ આર્થિક રીતે નબળા વર્ગો માટેની આવાસ યોજનાઓની સ્થિતિ અંગેનો અહેવાલ તૈયાર કર્યો છે. સાબરકાંઠાની છ અને અમદાવાદ જિલ્લાની બે નગરપાલિકાઓમાં પીવાનું પાણી અને સફાઈની સેવાઓની પ્રાપ્તિ ઉપર દેખરેખ રાખવાનું કામ નાગરિકો પોતે કરી રહ્યા છે. રાજકોટ ખાતે શાસનમાં સુધારાની પ્રક્રિયા અને અમલ વિશે બે દિવસની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લાની ૧૪ નગરપાલિકાઓના ૩૯ સહભાગીઓ હાજર રહ્યા હતા. કેટલાક પ્રમુખો, મુખ્ય અધિકારીઓ, ઈજનેરો સહિત રાજકોટના પ્રાદેશિક નગરપાલિકા નિયામક પણ તેમાં હાજર રહ્યા હતા. ગુજરાતમાં પાંચ નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિનો એક અભ્યાસ રાષ્ટ્રીય અભ્યાસના ભાગરૂપે કરવામાં આવી રહ્યો છે.

તેમાં આવક અને ખર્ચની તરાહ, આવક ઊભી કરવાની તકો અને સ્રોતો વગેરેનો અભ્યાસ કરવામાં આવશે અને વધારે સારા રાજકોષીય સંચાલન માટે સૂચનો કરવામાં આવશે. રાજકોષીય પ્રક્રિયામાં નાગરિકો કેવી રીતે સહભાગી થઈ શકે તે પણ તપાસવામાં આવશે. વેરાવળ નગરની વિકાસ યોજના સુધારવામાં આવી રહી છે ત્યારે ઝૂંપડપટ્ટની સમસ્યાઓ ઓળખવા માટે, પાયાની સેવાઓની પ્રાપ્તિ માટે અને અસહાય સમુદાયોની સ્થિતિ તપાસવા માટે એક અભ્યાસ કરવામાં આવ્યો છે. આખરી યોજનામાં તેનો સમાવેશ કરવામાં આવશે. ખેડબ્રહ્મા નગરની કોમ્યુનિટી ડેવલપમેન્ટ સોસાયટીના સભ્યો, નગરપાલિકાના અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના ક્ષમતાવર્ધન માટે કેરળની રાજ્ય ગરીબી નિવારણ મિશનની કદમ્બશ્રી યોજના જોવા માટેનો એક શૈક્ષણિક પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો.

રાજસ્થાનમાં જોધપુર ખાતે જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન અંગે એક વિમર્શ સભા યોજવામાં આવી હતી. તેમાં નગરસેવકો, નાગરિક સમાજનાં વિવિધ જૂથોના પ્રતિનિધિઓ અને રહીશોનાં કલ્યાણ મંડળોના સભ્યો સહિત ૪૦ સહભાગીઓએ ભાગ લીધો હતો. સ્થાનિક સ્વશાશન વિભાગ અને 'પ્રિયા' દ્વારા જે રાજ્ય સ્તરીય વિમર્શ સભા યોજાઈ તેમાં આ ચર્ચાઓનાં તારણો જણાવવામાં આવ્યાં

હતાં. જોધપુર નગર માટે શહેરી સંદર્ભ કેન્દ્ર સ્થાપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તે હેઠળ કેટલાક વિસ્તારોનો પ્રાથમિક સર્વે પણ એક ટુકડી દ્વારા કરવામાં આવ્યો છે. ખાસ કરીને ઝૂંપડપટ્ટી વિસ્તારોની સામાજિક-આર્થિક સ્થિતિ અને પાયાની સેવાઓને ક્ષેત્રે દરમ્યાનગીરી થઈ શકે તે તેનો ઉદ્દેશ છે. આ ઉપરાંત, નગરનાં સંસાધનોનો નકશો તૈયાર કરવામાં આવ્યો છે અને નગરના આયોજનની પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે. રાજ્ય સરકાર શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે વિકેન્દ્રિત આયોજનને પ્રોત્સાહન આપવાનું આયોજન કરી રહી છે ત્યારે આ ટુકડીના સભ્યોએ જયપુર ખાતે 'રાજસ્થાન સ્થાનિક સ્વશાસન સંસ્થાન' દ્વારા યોજવામાં આવેલા વિકેન્દ્રિત આયોજન વિશેના એક પ્રશિક્ષકોની તાલીમના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## પૃષ્ઠ ૧નું શેષ

મોંઢે (ચહેરો તો હસતો જ રાખી શકાય, દિલ ભલે રડતું હોય) તેમની સાથે બેસવું! (એમ તો નથી ને?) આ દર્દ ઉપર અન્યાયનું કવચ ચડાવી, જોનાર માટે ભ્રમણા પેદા કરવી: 'અહીં બધું બરોબર છે.' ભોગ બનનારાઓ સાથે હમદર્દી દર્શાવી તમે અશાંતિ ન પેદા કરો! કેટલી ક્રૂર મજાક છે આ! આજના બદલાયેલા કોમી ધ્રુવીકરણના માહોલમાં આ જનસંહારના ભોગ બનેલાઓને ન્યાય માટે રાહત અને પુનર્વસન જેવા જરીપુરાણા ખ્યાલોને બદલે માનવ અધિકારના આધુનિક ધોરણો વિશે વિચાર કરવો જરૂરી છે. આ મુદ્દાને રહેમરાહે જોવાને બદલે રાજ્યની જવાબદારી અને ભોગ બનનારાઓના અધિકારના સંદર્ભે જોવો પડશે. છેવટે તો આ પ્રકારની સ્થિતિ બંધારણીય જવાબદારીઓ અદા કરવાની રાજ્યની નિષ્ફળતાનું જ વિનાશક પરિણામ હોય છે. એટલે જ આપણે સમારકામની પ્રક્રિયાનો વિચાર કરવો પડશે.

સમારકામ ચાર મુખ્ય સ્તંભો પર આધારિત પ્રક્રિયા છે:

૧. પુનર્સ્થાપન: ભોગ બનેલાઓને હિંસા પહેલાંની સ્થિતિ અને સંજોગોમાં પાછા સ્થાપિત કરવા.
૨. વળતર: માપી શકાય તેવા ભૌતિક, માનસિક, શારીરિક અને ભાવનાત્મક પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ નુકસાનનું વળતર આપવું.
૩. પુનર્વસન: દાકતરી, મનૌવૈજ્ઞાનિક, કાનૂની તથા સામાજિક સેવાઓની વ્યવસ્થા તથા આજીવિકાના નવાં સાધનો વિકસાવવાની વ્યવસ્થા ઊભી કરવી.
૪. સંતોષ: ભોગ બનનારાઓ સાથે ફરીથી સંબંધો સ્થાપવા, તેમનામાં વિશ્વાસ ઊભો કરવો એ અત્યંત મહત્ત્વની અને કપરી કામગીરી છે. તેને માટે જે કંઈ થયું છે, તેને જાહેરમાં સ્વીકારવું, પસ્તાવો વ્યક્ત કરવો અને ફરીથી તેવું નહીં થાય તેવી ખાતરી ભોગ બનનારાઓને આપવી જરૂરી છે. તે વિના પુનર્શાંતિ અને શાંતિ સ્થાપન શક્ય જ નથી.

આમ તો આ પ્રક્રિયા રાજ્ય અને નાગરિક સમાજ બન્નેની જવાબદારીનો ભાગ છે. છતાં, આપણે જ્યાં છીએ ત્યાં નાના પાયે પણ આ પ્રક્રિયાને આરંભી શકીએ તો ભવિષ્યમાં આપણાં વિકાસ કાર્યોની ફળશ્રુતિ વાસ્તવમાં મેળવી શકીશું.

***- સુશ્રી સોફિયા ખાન, સોશ્યલ એક્શન ફોરમ અગેઈન્સ્ટ રિપ્રેશન (સફર), અમદાવાદ.***

**ઉન્નતિ**
**વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: psu_unnati@unnati.org, unnatiad1@sancharnet.in
ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.
ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.
મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૯૮૨૫૧૫૬૪૦૨

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.

हर हाथों को काम मिले इस आशा के साथ, रोज़गार अधिकार यात्रा के अवसर पर...

# हाथों को काम...

इन्साँ पैरों पर खड़े हुये, दो हाथ तभी आज़ाद हुये,
इन हाथों की मेहनत से, धीरे धीरे आबाद हुए।

इन हाथों ने फल तोडे थे, इन से ही गुफ़ा में घर बने,
फिर पत्थर के औज़ार बने और लोहे के हथियार बने।

हाथों ने फसलें बोई थीं, हाथों से चूल्हे आग बने,
लाखों सालों की मेहनत से, कितने सुंदर ये हाथ बने।

बिथोवन का संगीत बना, विन्सी जैसे फ़नकार बने,
बुल्लेशाहों की कलम चली सूफ़ी संतो के दोहे बने,
पर हाथ यही अब खाली हैं,
क्योंकि इनको कोई काम नहीं।

हल चला के खेतों को, मैंने ही सजाया रे,
गेहूँ, चावल, मक्के के, दानों को उगाया रे,
चूल्हा भी बनाया मैंने, धान भी पकाया रे,
रहूँ क्यों भूखे पेट रे? कि मेरे लिये काम नहीं...

मिट्टी की खुदाई की, भट्टी को जलाया रे,
ईंटों को पकाया रे, बंगला बनाया रे,
संसद का हरेक खंभा, मैंने ही उठाया रे,
सोऊँ क्यों फुटपाथ पे, कि मेरे लिये काम नहीं...

धागे को बनाया मैंने, मिलों को चलाया रे,
तानाबाना जोड़ के, कपड़ा बनाया रे,
सपनों के रंगों से, उनको सजाया रे,
मुझे कफ़न नहीं रे, कि मेरे लिये काम नहीं...

रेल को बनाया रे, सड़कों को बिछाया रे,
हवा में उड़ाया रे, चँदा से मिलाया रे,
नाव को बनाया मैंने, पानी पे चलाया रे,
मेरी ना ज़िंदगी चले, कि मेरे लिये काम नहीं...

शाहजहाँ के ताज को, मैंने ही बनाया रे,
मंदिरों को, मस्जिदों को मैंने ही सजाया रे,
बाँसूरी, सितार को, मादल को बजाया रे,
मेरा संगीत कहाँ रे, कि मेरे लिये काम नहीं...

सपनें सजायेंगे, ज़िदगी बनायेंगे,
ऊँगलियों को मोड के, हाथों को ऊठायेंगे,
आसमाँ को छूएँगे, ज़िंदाबाद गायेंगे,
गायेंगे तब तक रे, कि जब तक काम नहीं...
लड़ेंगे तब तक रे, कि जब तक काम नहीं...

- *विनय-चारूल*

# जानने का हक़

मेरे सपनों को जानने का हक़ रे...
क्यूं सदियों से टूट रहे हैं, इन्हें सजने का नाम नहीं

मेरे हाथों को ये जानने का हक़ रे...
क्यूं बरसों से खाली पड़े हैं, इन्हें आज भी काम नहीं

मेरे पैरों को ये जानने का हक़ रे...
क्यूं गाँव गाँव चलना पडे रे, क्यू बस का निशान नहीं

मेरी भूख को ये जानने का हक़ रे...
क्यूं गोदामों मे सड़ते है दाने, मुझे मुट्ठी भर धान नहीं

मेरी बूढ़ी माँ को जानने का हक़ रे...
क्यूं गोली नहीं सुई, दवाखाने, पट्टी-टांके का सामान नहीं

मेरे बच्चों को ये जानने का हक़ रे...
क्यूं रात दिन करें मजदूरी, क्यूं शाला मेरे गाँव नहीं।

मेरे खेतों को  ये जानने का हक़ रे...
क्यूं बांध बने रे बड़ बड़, क्यूं फसलों में जान नहीं

मेरी नदियों को जानने का हक़ रे...
क्यूं ज़हर मिलायें कारखाने, जैसे नदियों में जान नहीं

मेरे जंगलों को जानने का हक़ रे...
कहाँ डालियां वो पत्ते, तने, मिट्टी, क्यूं झरनों का नाम नहीं

मेरे गाँव को ये जानने का हक़ रे...
क्यूं बिजली ना, सड़के ना पानी, खुशी राशन की दुकान नहीं

मेरी बस्तियों को जानने का हक़ रे...
क्यूं बसे हुये घर को उजाड़े, रहे नामोनिशान नहीं

मेरे वोटों को ये जानने का हक़ रे...
क्यूं एक दिन बड़ बड़े वादे, फिर पांच साल काम नहीं

मेरे राम को ये जानने का हक़ रे...
रहमान को ये जानने का हक़ रे...
क्यूं ख़ून बहे सड़कों पे, क्या सब इन्सान नहीं

*- विनय महाजन*

**સ્રોતઃ લોકનાદ, એક્સપ્રેશન ફોરમ ઓફ અભિગમ કલેક્ટિવ, ૨, ગાર્ગી એપાર્ટમેન્ટ, નેહરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૧૫.**
**ફોનઃ ૦૭૯–૨૬૭૫૩૬૬૩. ઈમેલઃ**abhigam@icenet.net